Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धि कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૧ લો

વીર સંવત ૨૪૭૦ ※ વિક્રમ સંવત ૨૦૦૦

કાર્તિક

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } કાર્તિક { વીર સં. ૨૪૭૦
અંક ૧ લો } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका


૧. શ્રી આદિજિન સ્તવન ... ... ... ... ... ... ૧
૨. શ્રી સુમતિજિન પ્રતિ મંગળ અભ્યર્થના ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨
૩. મનુષ્ય ભવની દુર્લભતા ( પદ્ય )... ... ( ,, ) ૨
૪. શ્રી નેમિનાથ જિન સ્તવન ... ... ( આ. શ્રી વિજયોદયસૂરિ) ૩
૫. आत्मा की भूल ... ... ... ... ( મુનિ ભદ્રાનંદ ) ૩
૬. નવું વર્ષ ... ... ... ... ... ... ( કુંવરજી ) ૪
૭. શ્રી પ્રશ્નસિંધુ : ૨ ... ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૫
૮. વધો વિશ્વમાં " જૈન ધર્મ પ્રકાશ " ...( રાજપાળ મગનલાલ વહોરા ) ૯
૯. વીરવિલાસ : ( ૧૧ ) ... ... ... ... ...( મૌક્તિક ) ૧૦
૧૦. શ્રી તત્ત્વાર્થસૂત્ર–સાનુવાદ : અધ્યાય ૬ ઠ્ઠો... ...( મુનિ રામવિજયજી ) ૧૩
૧૧. પૌષધવ્રતના ૮૦ ભાંગા ... ... ... ... ...( કુંવરજી ) ૧૬
૧૨. જીવના આઠ પ્રકાર ... ... ... ... ... ( કુંવરજી ) ૧૭
૧૩. પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકાર–માસ્તર અંબાલાલ ચુનીલાલ-ઉમતા ) ૧૭
,, ... ... ... ... ( રાજમલ ભંડારી–આગર ) ૧૯
૧૪. श्री जैन धर्म प्रकाश चिरायु होवे ... ... ( રાજમલ ભંડારી ) ૨૧
૧૫. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન.
... ... ... ... ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ) ૨૨
૧૬. પ્રભાવિક પુરુષો : પટ્ટધર બેલડી ૫ ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૯
૧૭. પંન્યાસ શ્રી મણિવિજયજી મહારાજની જયંતિ ... ... ( કુંવરજી ) ૩૩


## નવા સભાસદોનાં નામ

| | | |
|---|---|---|
| ૧ શાહ બળવંતરાય ભાઈચંદ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨ શાહ હીરાલાલ અનોપચંદ | ,, | ,, |
| ૩ શાહ સારાલાલ લક્ષ્મીચંદ | મુંબઇ | ,, |
| ૪ દેશાઇ વીરચંદ હેમચંદ | બોટાદ | ,, |
| ૫ શાહ હીરાલાલ ગંભીરદાસ | મુંબઇ | ,, |
| ૬ શાહ શાંતિલાલ જીવણલાલ વઢવાણ–હાલ | ,, | ,, |
| ૭ કાપડિયા અર્જુનલાલ નેમચંદ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| ૮ શાહ અમરચંદ માવજી | ,, | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું | અંક ૧ લો | કાર્તિક | વીર સં. ૨૪૭૦ | વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

## શ્રી આદિજિન સ્તવન

( અનંતવીરજ અરિહંત ! સુણો મુજ વિનતિ–એ દેશી )

તારક વારક મોહનો સ્વામી તું જયો, જય મરુદેવાનંદન જ્ઞાનદીપક જયો;
નાભિકુલોદધિચંદ્ર જગતપતિ તું જયો, ભવિક સરોરુહ બોધ દીનેશ્વર તું જયો. ૧

પરમપુરુષ પુરુષોત્તમ પાવન તું જયો, જય સુનંદાકંત યુગાદિ તું જયો;
સુરનરસેવિત પાદકમલ પ્રભુ તું જયો, વિમલદશા તુજ નાથ ! નિરંજન તું જયો. ૨

બોધિ અનુપમ ઉત્તમ ગુણઅર્ણવ જયો, આદિ રહિત ઉપગારી જગમાં તું જયો;
પરહિતવ્યસની પદપુરુષોત્તમ તું જયો, સ્વર્ગ મર્ત્ય પાતાલે સાહિબ તું જયો. ૩

સ્થાન વીશની સાધના સાધક તું જયો, ભવ ત્રીજે નિકાચિત જિનપદ તું જયો;
ધર્મરસિક જગજંતુ મહેચ્છક તું જયો, તીર્થંકરપદભોગી મહેશ્વર તું જયો. ૪

દર્શન અમૃત પામી મહોદય મેં લહ્યો, આજ ગયો ભવરોગ નાથ દર્શન થયો;
ભવ અટવી ઉલ્લંઘન સહેજે મેં કીયો, સુખસિંધુતટ પામી પ્રભુતા હું લહ્યો. ૫

આતમ સાખી અનુભવ મુજ હૈયે રહ્યો, તું જાણે કિરતાર કૃપાળુ સદહ્યો;
તાર ન તૂટે અતૂટ પ્રેમ તુજશું થયો, નામી રૂચક વદે શિવમારગ મેં લહ્યો. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નૂતન વર્ષારંભે શ્રી સુમતિજિન પ્રતિ

## મંગળ અભ્યર્થના

( રાગ-સોરઠની લય )

છે વંદન સુમતિનાથને, કરુણામય મંગળ ધામને;
છે વંદન સુમતિનાથને.

કુળદીપક પ્રભુ મેઘ પિતાના, દુઃખ નિવારણ આ જનતાના; (૨)
મંગલાનંદન કંદને-છે વંદન સુમતિનાથને. ૧
કુમતિ કાપો સુમતિ જિનંદા, સુમતિ આપોને સુખકંદા; (૨)
ફેડો કર્મના ફંદને-છે વંદન સુમતિનાથને. ૨
શાંત રાગ વાણીમાં વરસે, ચાતક સમ ભવિ જીવો તલસે; (૨)
શાશ્વત સુખને કારણે-છે વંદન સુમતિનાથને. ૩
જડવાદે ઘેર્યું જગ આજે, મિથ્યાત્વમાં તે રાચેમાચે; (૨)
દુર્બુદ્ધિની પ્રેરણાએ-છે વંદન સુમતિનાથને. ૪
કુમતિએ ભવ બંધન કીધાં, લક્ષ ચોરાશી ફેરા દીધા; (૨)
કર્મોદયના કારણે-છે વંદન સુમતિનાથને. ૫
કઠણ કર્મનો બંધ ન જાણ્યો, બાળભાવમાં સદા તણાયો; (૨)
રોકો એ વહેતી નીકને-છે વંદન સુમતિનાથને. ૬
આર્ત્ત રૌદ્રમાં મન અતિ રમતું, ધર્મધ્યાન કદી નહીં ગમતું; (૨)
તોડો અવિદ્યાના બંધને-છે વંદન સુમતિનાથને. ૭
વિનાશ પંથે જતા જગતના, દુઃખ દાવાનલ તન મન ધનના; (૨)
સમાવો એ ત્રિદોષને-છે વંદન સુમતિનાથને. ૮
શશિ સમ ઉજ્જવલ ગુણ મયાલ, ભવિજન વિનવે પ્રણતપાલ; (૨)
અર્પો શિવસુખધામને-છે વંદન સુમતિનાથને. ૯
" પ્રકાશ "નાં કિરણ પ્રગટાવો, ઘરે ઘરે મંગળ ગુણ ગાવો; (૨)
અભ્યર્થના એ આપને-છે વંદન સુમતિનાથને. ૧૦

મગનલાલ મોતીચંદ શાહ

---

## મનુષ્ય ભવની દુર્લભતા

( શિખરિણી. )

ગણ્યો છે જ્ઞાનીએ, મનુષ ભવને દુર્લભ સદા,
ગણી છે એ નૌકા, સુભવિ ભવિને પાર તરવા;
ભજે છે જે દેવો, મનુજ ભવને સ્વર્ગ વસતાં,
ગુમાવ્યો છે મૂર્ખે, નરભવ મણિ હાથ ધરતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નેમિનાથ જિન સ્તવન

(આવો આવો...હો વીર સ્વામી! મારા અંતરમાં-એ દેશી)

આવો આવો હો નેમિજિનજી! મારા અંતરમાં;
મારા અંતરમાં પ્રભુજી! મારા મંદિરમાં. આવો૦
સોરઠ દેશને પાવન કીધો, તેમાં ગિરિ ગિરનાર;
જેમાં દીક્ષા જ્ઞાન ને મુક્તિ, કલ્યાણક શ્રીકાર. આવો૦ ૧
સમુદ્રવિજયનું કુળ શોભાવ્યું, શિવાદેવી કૂખ;
જન્મથી જિનવર નામ દીપાવ્યું, ટાળી દુનિયા દુઃખ. આવો૦ ૨
દુર્ધર બ્રહ્મચર્યને ધરતાં, અમિતબળી જિનરાજ;
કામસુભટને દાબી દીધો, શૂરવીરના શિરતાજ. આવો૦ ૩
પાણિગ્રહણનું બ્હાનું કાઢી, ધરી નવ ભવનું હેત;
મુક્તિ મંદિર જાવાને કીધો, રાજુલને સંકેત. આવો૦ ૪
ગૌરવ અર્થે ઘણા પશુનો, સુણી આર્દ્ર પોકાર;
સમજાવી સઘળાં છોડાવ્યાં, ધન્ય ધન્ય નેમિકુમાર! આવો૦ ૫
જે રાગી ઉપર વૈરાગી, તે સ્ત્રીનું શું કામ?
જે વૈરાગી ઉપર રાગી, તે મુક્તિ ગુણધામ. આવો૦ ૬
એમ સમજાવી રથને વાળી, લીધો જિનવર પંથ;
સર્વસંગ નિવારી પોતે, બની ગયા નિર્ગ્રંથ. આવો૦ ૭
કેવળ જ્યોત જગાવી ટાળ્યા, સર્વ કર્મના પાસ;
શિવમંદિરનું સ્થાન શોભાવ્યું, સાદિ અનંત નિવાસ. આવો૦ ૮
સમયાંતર ઉપયોગ રમણતા, અનુપમ સુખ ગણાય;
ત્રણ કાળનું ત્રિવિધ વર્તન, સમયે સમયે જણાય. આવો૦ ૯
નેમિનામે નવ નિધિ પામે, નીતિ-કીર્તિ-જસ;
**વિજયોદય** જય ઘંટા વાગે, જાગે ધર્મ-ધગશ. આવો૦ ૧૦

આ. શ્રી વિજયોદયસૂરિ-અમદાવાદ

## 'आत्मा की भूल'

चेतन अपनापन विसरायो ॥ टेर० ॥
रूप पराये में ललचा कर, क्यों तुं जग भरमायो ?।
परवश में पड़ कर तेने, काल अनंत गुमायो ॥ चेतन० ॥ १ ॥
पर की चिंता में चिंतित रह, अपनो मूल नसायो ।
इष्ट अनिष्ट मान पुद्गल को, हर्ष शोक मनायो ॥ चेतन० ॥ २ ॥
राग द्वेष पुद्गल पर कर के, कृत्रिम सुखदुःख पायो ।
देह अनंत भोगे है फिर भी, जरा तोष नहीं लायो ॥ चेतन० ॥ ३ ॥
याविध चक्र जाल में फँस कर, विविध रूप बनायो ।
सत्य ज्ञान का सिंचन कर नहिं, भद्रानंद रमायो ॥ चेतन० ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવું વર્ષ

**પરમાત્માની** કૃપાથી આજે આ માસિક ૬૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. કેટલીક અગવડ દૂર કરવા માટે ૫૯ મા વર્ષના ૭ અંક જ કાઢીને તે વર્ષ પૂરું કરવું પડયું છે. એ ૭ અંકની અનુક્રમણિકા આશ્વિનના છેલ્લા અંકમાં આપવામાં આવી છે. બધા મળીને ૭ અંકમાં પદ્ય લેખો ૩૨ અને ગદ્ય લેખો ૭૩ આપવામાં આવ્યા છે. પદ્ય લેખોના લેખકો ૧૨ છે. તેમાં રાજમલ ભંડારી મુખ્ય છે જેના ૯ લેખો છે. મગનલાલ મોતીચંદના ૪, એન. બી. શાહના ૪, હીરાચંદ ઝવેરચંદના ૩, ચાર લેખકોના બે બે અને ચાર લેખકોના એકેક લેખ છે. એ પ્રમાણે કુલ ૩૨ લેખો છે. તેમાં કેટલાક લેખો તો ખાસ આકર્ષક, અસરકારક અને ઉપદેશક છે.

ગદ્ય લેખો ૭૩ છે તેમાં મારા લખેલા લેખો ૨૮ પૈકી ૧૩ પ્રશ્નોત્તરના છે અને ૧૧ જુદે જુદે પ્રસંગે જાગેલી ઊર્મિથી લખાયેલા છે, ૪ પ્રકીર્ણમાં છે. મૌક્તિકના ૧૩ લેખો પૈકી ૬ વ્યવહારકૌશલ્યના, ૨ વીરવિલાસના, ૩ શ્રી આનંદઘનજીના પદના અને બે બીજા છે. આચાર્યશ્રી વિજયપદ્મસૂરિના ૭ લેખો પૈકી ૬ સુપાત્રદાન સંબંધી છે અને ૧ બીજો છે. મોહનલાલ દીપચંદ ચોકસીના ૭ લેખો પ્રભાવિક પુરુષો સંબંધી છે. તેમાંનો છેલ્લો લેખ આચાર્ય-બેલડી સંબંધી ચાલુ છે. રા. રા. જીવરાજભાઇ ઓધવજીના ૪ અને પ્રો. હીરાલાલ રસિકદાસનો ૩ લેખો વિદ્વત્તાભરેલા છે. ડૉ. ભગવાનદાસ મનસુખભાઇનો લેખ બે અંકમાં જ આવેલો છે. મુનિરાજશ્રી રામવિજયજીના ૩ લેખો તત્ત્વાર્થના અનુવાદ સંબંધી છે અને બાકીના લેખો જુદા જુદા લેખકોના છે. તેની વિગત અનુક્રમણિકામાં આપેલી હોવાથી અહીં પુનરાવર્તન કરવામાં આવ્યું નથી.

ગત વર્ષના ૭ અંકની પરિસ્થિતિ ઉપર પ્રમાણે છે. નવા વર્ષ માટે પણ ઉપર્યુક્ત લેખકો પૈકી મૌક્તિક, આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ, મુનિ રામવિજયજી, રા. રા. જીવરાજભાઇ ઓધવજી, પ્રો. હીરાલાલ રસિકદાસ, ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ વિગેરેના લેખો તો શરૂ રહેવાના છે અને તેમાં નવી નવી પ્રસાદી આવવાની છે. મારા પ્રશ્નોત્તરના લેખો તો દરેક અંકમાં શરૂ રહેવાના છે, કારણ કે સીલીકમાં ઘણા છે, બીજા લેખો હું મારી ઊર્મિ અનુસાર લખવાનો છું. અન્ય લેખકોને અમે ખાસ આમંત્રણ કરી શકતા નથી કારણ કે અમારી પાસે લેખોનો ભરાવો ઘણો હોવાથી અમે સ્થળ આપી શકતા નથી, તો પણ મુનિરાજશ્રી પુણ્યવિજયજી, વિદ્યાનંદવિજયજી અને બીજા મુનિરાજના લેખો તો આવ્યા જ કરવાના છે.

તિથિચર્ચા, દેવદ્રવ્ય, દીક્ષા અને કેસર સંબંધી તેમજ બીજા પણ વિવાદાસ્પદ લેખો અમે આપતા નથી. વર્તમાન સમાચાર ને વર્તમાન ચર્ચાના લેખો પ્રાયે આપી શકતા નથી તેથી એવા સમાચાર લખનાર મહાશયોને અમારે દુ:ખ ઉપજાવવું પડે છે તે માટે દિલગીર છીએ.

માસિકનો હેતુ વાચકબંધુઓના આત્માનું હિત કરવાનો છે તેને અમે કાયમ જાળવવાના છીએ, તેમાં ક્ષતિ આવવા દેવી નથી. જે લેખ લખવાથી કે છાપવાથી તેની શ્રેણી ચાલે અને પરિણામે કષાય ઉત્પન્ન થાય તેવા લેખો લખવાની કે દાખલ કરવાની વૃત્તિ થતી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્માની અને સદ્‌ગુરુની કૃપાથી અમે સરલ માર્ગે ચાલીએ છીએ. વ્યક્તિ પરત્વે લખતા જ ન હોવાથી કોઇને પણ ખેદ ઉપજાવવાનું કારણ પ્રાયે બનતા નથી છતાં અજાણપણે તેમ બની જતું હોય તો તેને માટે ક્ષમાયાચના.

આમ અવિચ્છિન્નપણે ૬૦ વર્ષની સ્થિતિ ભોગવવી એ એક પ્રકારનું સદ્‌ભાગ્ય સમજાય છે. ગુરુકૃપાથી તેમજ ચાલ્યા કરશે એવો સંભવ છે. સ્થળસંકોચ છતાં પણ કોઇ મુનિરાજના કે ગૃહસ્થના વિદ્વત્તાભરેલ લેખ માટે તો સ્થાન આપવાના જ છીએ એમ માની એવા લેખક મહાશયે ખુશીથી લેખ મોકલવા કૃપા કરવી.

આ પ્રમાણે ટૂંકામાં અમારા હૃદયનો આશય પ્રગટ કરી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે અને જૈન શાસનનો વિશેષ ઉદય થાય એમ ઇચ્છીએ છીએ. કુંવરજી

## શ્રી પ્રશ્નસિંધુ

( ૨ )

રચયિતા—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન ગત વર્ષના પૃષ્ઠ ૨૦૨ થી )

૧૫. પ્રશ્ન—મંત્રી વસ્તુપાલ પોતાના મંત્રીપણાના ભવથી માંડીને કેટલામા ભવે મુક્તિના સુખ પામશે ?

ઉત્તર—( ૧ ) વસ્તુપાલ મંત્રી સિદ્ધગિરિની છાયામાં સમાધિમરણે મરણ પામીને મહાવિદેહ ક્ષેત્રની પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરીકિણી નામની નગરીના નિર્મલ સમ્યગ્દૃષ્ટિ કુરુચંદ્ર નામે જૈન રાજા થયા છે. ( ૨ ) અવસરે વૈરાગ્ય પામી પૂર્ણ ઉલ્લાસથી નિર્મલ સંયમની આરાધના કરીને વિજય નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ( ૩ ) અહીંના દેવતાઈ સુખ ઘણા સાગરોપમ સુધી ભોગવીને, દેવાયુષ્ય પૂર્ણ થયા બાદ તેજ પુંડરીકિણી નગરીના રાજા થશે. ( ૪ ) આ ભવમાં યોગ્ય અવસરે ( મંત્રીનો જીવ ) પરમ ઉલ્લાસથી નિર્મલ ચારિત્રની સાત્ત્વિકી આરાધના કરતાં ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઇને જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ, અંતરાય કર્મ સ્વરૂપ ચાર ઘાતીકર્મોનો નાશ કરી, કેવલી થઇને સિદ્ધિનાં અવ્યાબાધ સુખ પામશે. આ રીતે મંત્રી ચોથે ભવે મોક્ષનાં સુખ પામશે, એમ શ્રી જિનહર્ષગણિકૃત વસ્તુપાલ ચરિત્રમાં આઠમા પ્રસ્તાવના નીચેના ૯ મા શ્લોકથી માંડીને ૧૪ મા શ્લોક સુધીમાં જણાવ્યું છે.

॥ अनुष्टुब्वृत्तम् ॥

प्राग्विदेहं ततो गत्वा, स नत्वा भक्तिपूर्वकम् ॥
श्रीसीमंधरमर्हन्त-मप्राक्षीन्मन्त्रिणो गतिं ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आदिदेश जिनाधीशस्तदा संसदि तं सुरम् ॥
वस्तुपालो महामंत्री, पवित्रः पुण्यकर्मभिः ॥ १० ॥

अत्रैव पुष्कलावत्यां, विजयायामजायत ॥
नगर्यां पुण्डरीकिण्यां, पुण्डरीक इव श्रियः ॥ ११ ॥

कुरुचंद्राभिधो राजा, राजन्यावलिवंदितः ॥
सम्यग्दृष्टिशिरोरत्नं, सत्कीर्त्तिसुरभि स्थितिः ॥ १२ ॥

उत्सृज्य प्राज्य साम्राज्यं, स प्रांते प्राप्य संयमम् ॥
देवो दिव्योदयो भावी, विमाने विजये महान् ॥ १३ ॥

ततश्च्युतः पुनः प्राप्य, साम्राज्यपदवीमसौ ॥
चारित्रयोगतोऽत्रैव, मुक्तिमेष्यति केवली ॥ १४ ॥

આ છ શ્લોકની બીના ટૂંકામાં ઉપર જણાવી દીધી છે.

૧૯. પ્રશ્ન—અનુપમાદેવી હાલ કયા ક્ષેત્રમાં વર્તે છે ?

ઉત્તર—તેજપાલની સ્ત્રી અનુપમાદેવી શ્રાવિકા અહીંથી મરણ પામી, મહાવિદેહ ક્ષેત્રના પુષ્કલાવતી વિજયમાં આવેલી પુંડરીકિણી નગરીમાં શ્રેષ્ઠીના કુળમાં જન્મ પામી છે. અનુક્રમે આઠ વર્ષની ઉંમરે તે બાલિકા વિચરતા પ્રભુશ્રી સીમંધરસ્વામી તીર્થંકર દેવની પાસે ચારિત્ર ગ્રહણ કરી સાધ્વી બને છે. સંયમાદિની સાધનારૂપ મોક્ષમાર્ગની નિર્મલ આરાધના કરતાં કરતાં ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઇને, ઘાતીકર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી, કેવલીની પર્ષદામાં બેસીને શ્રી સીમંધરસ્વામીની દેશના સાંભળે છે. જેમાં આઠ વર્ષ ઓછા છે એવી પૂર્વ કોટી વર્ષ સુધી કેવલિપણે વિચરી, આયુષ્ય પૂર્ણ કરી મુક્તિનાં સુખ પામશે, એમ શ્રી વસ્તુપાલ ચરિત્રમાં જણાવેલા નીચેના ચાર શ્લોક ઉપરથી જણાય છે.

दयिताऽनुपमादेवी, तेजःपालस्य मंत्रिणः ॥
अत्रैव श्रेष्ठिनः पुत्री, पवित्राऽजनि जन्मतः ॥ १५ ॥

साष्टवर्षवया बाला, शिश्रिये संयमश्रियं ॥
अस्माकं सविधे धूत, घनघातिरजोव्रजा ॥ १६ ॥

केवलज्ञानसंपूर्णा, सुपर्वश्रेणिवंदिता ॥
पूर्वकोटीं समाराध्य, देशोनां संयमस्थितिम् ॥ १७ ॥

मुक्तिमेष्यति निःशेष–मलमुक्ता महासती ॥
सुखं निषेदुषी सैषा, वरकेवलिपर्षदि ॥ १८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચાર શ્લોકની ટૂંક બીના શરૂઆતમાં જણાવી છે.

૧૭. પ્રશ્ન—શ્રીવાદિદેવસૂરિ મહારાજના જન્મ-દીક્ષા વગેરે કઈ સાલમાં થયા ?

ઉત્તર—પોરવાડ વંશના, પિતા શ્રી વીરનાગ અને માતુશ્રી જિનદેવીના પુત્ર પૂર્ણચંદ્રનો જન્મ ગુજરાતમાં આવેલા મડ્ડાહ્રત(મડાર) નગરમાં વિ. સં. ૧૧૪૩ માં થયો. તેમની દીક્ષા નવ વર્ષની ઉંમરે વિ. સં. ૧૧૫૨ માં થઈ. તે સમયે તેમનું નામ મુનિશ્રી રામચંદ્ર પાડયું હતું. તેમની વિ. સં. ૧૧૭૪ માં આચાર્યપદવી થઇ અને સ્વર્ગવાસ વિ. સં. ૧૨૨૬ માં શ્રાવણ વદિ સાતમે ગુરુવારે (૮૩ વર્ષની ઉંમરે) થયો.

૧૮. પ્રશ્ન—કઇ અપેક્ષાએ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કરતાં ઔપશમિક સમ્યક્ત્વ શ્રેષ્ઠ ગણાય ?

ઉત્તર—ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવોને સમ્યક્ત્વમોહનીય કર્મનો રસોદય હોય અને ઔપશમિક સમ્યક્ત્વવાળા જીવને અનંતાનુબંધી વગેરે સાત પ્રકૃતિમાંની કોઈપણ પ્રકૃતિનો પ્રદેશોદય પણ ન હોય તો રસોદય ક્યાંથી જ હોય ? એટલે સાતે પ્રકૃતિનો પ્રદેશોદય કે રસોદય ન હોય ત્યારે ઔપશમિક સમ્યગ્દર્શન પ્રકટ થાય. આ જ મુદ્દાથી ઔપશમિકને ભાવ સમ્યક્ત્વ( અપૌદ્ગલિક સમ્યક્ત્વ )ના ભેદોમાં ગણ્યું છે. જ્યારે સમ્યક્ત્વમોહનીયનો રસોદય અને બાકીની છ પ્રકૃતિનો પ્રદેશોદય હોય ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રકટ થાય. આ રીતે અપૌદ્ગલિકપણું ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં નથી, માટે ક્ષાયોપશમિક કરતાં ઔપશમિક સમ્યક્ત્વ શ્રેષ્ઠ ગણાય

૧૯. પ્રશ્ન—કઈ અપેક્ષાએ ઔપશમિક સમ્યક્ત્વ કરતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ શ્રેષ્ઠ ગણાય ?

ઉત્તર—જ્યારે ઔપશમિક સમ્યક્ત્વનો કાળ વધારેમાં વધારે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ કહ્યો છે. ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ સાધિક ૬૬ સાગરોપમ પ્રમાણ જણાવ્યો છે. આ રીતે કાળની અપેક્ષાએ ઔપશમિક સમ્યક્ત્વની સ્થિતિ અલ્પ હોવાથી તે ક્ષાયોપશમિક કરતાં ઊતરતું ગણાય. આ બાબતમાં બીજું કારણ એ છે કે-ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવ અંતર્મુહૂર્ત્ત કાળ વીત્યા બાદ મિથ્યાત્વે પણ જાય એટલે તે સમ્યક્ત્વનો ત્યાગ કરીને મિથ્યાદષ્ટિ બને. આવું ક્ષાયોપશમિકમાં બનતું નથી માટે તેના કરતાં ( ઔપશમિક સમ્યક્ત્વ કરતાં ) ક્ષાયોપશમિક શ્રેષ્ઠ ગણાય છે. આવા અનેક કારણને લઈને ઔપશમિક સમ્યક્ત્વ કરતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ શ્રેષ્ઠ ગણાય છે. આ બાબતમાં અપેક્ષા તરફ ખાસ લક્ષ્ય રાખવું.

૨૦. પ્રશ્ન-શ્રી જૈનેન્દ્રશાસનમાં ઉત્કૃષ્ટ (સારામાં સારા) સંગ્રહકાર કોણ થઇ ગયા ?

ઉત્તર—જેમણે તત્ત્વાર્થસૂત્ર, જંબૂદ્વીપસમાસ, પ્રશમરતિ, પૂજાપ્રકરણ, શ્રાવકપ્રજ્ઞપ્તિ અને શૌચાચાર વગેરે અપૂર્વ ગ્રંથો બનાવ્યા છે. તે પૂર્વધર શ્રી ઉમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાતિ વાચક મહારાજ શ્રી જૈનેન્દ્ર શાસનમાં ઉત્કૃષ્ટ સંગ્રહકાર થઇ ગયા, એમ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે સિદ્ધહેમશબ્દાનુશાસનમાં જણાવેલા **उत्कृष्टेऽनूपेन ॥ २-१-३९ ॥ उत्कृष्टार्थादनूपाभ्यां द्वितीया स्यात् ॥ अनुसिद्धसेनं कवयः । उमास्वातिं संगृहीतारः ॥** આ સૂત્રના વિવરણ ઉપરથી જાણી શકાય છે. અહીં શરૂઆતમાં જણાવેલા '**अनुसिद्धसेनं कवयः**' આ ઉદાહરણથી શ્રી સિદ્ધસેનદિવાકર ઉત્કૃષ્ટ કવિ થઈ ગયા છે એમ પણ જાણવાનું મળે છે.

૨૧. પ્રશ્ન—શ્રી મતિજ્ઞાનના એકાર્થક શબ્દો કયા કયા જણાવ્યા છે ?

ઉત્તર—૧ મતિ, ૨ સ્મૃતિ ( સ્મરણ ), ૩ સંજ્ઞા, ૪ ચિંતા ૫ આભિનિબોધ આ પાંચ શબ્દો મતિજ્ઞાનના અર્થને જણાવે છે; માટે તે મતિ( જ્ઞાન )ના એકાર્થક શબ્દો કહેવાય છે. દરેક પદાર્થનું યથાર્થ સ્વરૂપ સમજવાને માટે ૧ તત્ત્વ, ૨ ભેદ અને ૩ પર્યાય આ ત્રણ સાધન છે. તેમાં પર્યાય એટલે એકાર્થક શબ્દોનું જ્ઞાન મેળવવું જોઈએ એમ કહ્યું છે. શ્રી દેવવાચક મહારાજે બનાવેલ શ્રી નંદી-સૂત્રમાં તથા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજે બનાવેલા શ્રી વિશેષાવશ્યક વિગેરે ગ્રંથોમાં મતિજ્ઞાનની જગ્યાએ '**आभिणिबोहियनाणं**' એમ પણ કહેલ છે. ત્યાં આભિનિબોધિક જ્ઞાનથી મતિજ્ઞાન સમજવું.

૨૨. પ્રશ્ન—નૈગમ નયના કેટલા ભેદ કહ્યા છે ?

ઉત્તર—નૈગમ નયના બે ભેદ કહ્યા છે તે આ પ્રમાણે—૧ દેશપરિક્ષેપી અને ૨ સર્વપરિક્ષેપી. એમ તત્ત્વાર્થમાં કહ્યું છે. બીજા ગ્રંથોમાં ૧ સામાન્યગ્રાહી, ૨ વિશેષગ્રાહી આ રીતે પણ બે ભેદ જણાવ્યા છે.

૨૩. પ્રશ્ન—શબ્દ નયના કેટલા ભેદ કહ્યા છે ?

ઉત્તર—૧ સાંપ્રત, ૨ સમભિરૂઢ, ૩ એવંભૂત એમ ત્રણ ભેદ તત્ત્વાર્થના "**आद्यशब्दौ द्वित्रिभेदौ** ॥૧-૩૫॥ આ સૂત્રની વ્યાખ્યામાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જણાવ્યા છે.

૨૪. પ્રશ્ન—ક્ષાયિકભાવના નવ ભેદ કયા કયા સમજવા ?

ઉત્તર—૧ કેવલજ્ઞાન, ૨ કેવલદર્શન, ૩ દાન, ૪ લાભ, ૫ ભોગ, ૬ ઉપભોગ અને ૭ વીર્ય, ૮ ક્ષાયિકસમ્યક્ત્વ, ૯ ક્ષાયિકચારિત્ર. અહીં જ્ઞાનાવરણી આદિ કર્મોના ક્ષયથી કેવલજ્ઞાનાદિ જે નવ ગુણો પ્રકટ થાય છે તે ગુણો ક્ષાયિકભાવના ભેદ તરીકે સમજવા. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રકટે, દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવલદર્શન પ્રકટે; મોહનીય કર્મનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ તથા ક્ષાયિકચારિત્ર ગુણ પ્રકટે, અને અંતરાયકર્મનો ક્ષય થાય ત્યારે ક્ષાયિકદાનાદિ પાંચ લબ્ધિ પ્રકટ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વધો વિશ્વમાં "જૈન ધર્મ પ્રકાશ."

ધુમ્મસ–આચ્છાદિત પ્રભાત જેવું અસ્પષ્ટ વાતાવરણ જૈન જગતમાં જ્યારે છવાયું હતું ત્યારે "જૈન ધર્મ પ્રકાશ" નાના બાળ જેવા રૂપમાં પ્રકાશ પામ્યું. એ વાતને આજે ઓગણસાઠ વર્ષો વ્યતીત થયાં છે. એ સમય આવો હતો:—જૈનસમાજમાં અત્યાર જેટલાં જ્ઞાનકિરણો ફેલાયાં ન હતાં. યતિઓની સત્તાના અંતિમ દિવસો ગુજરતા હતા. સાધુ-વૃદ્ધિની ઉષા પ્રગટતી હતી. જગતમાં અત્યાર જેટલો જડવાદ ફેલાયો ન હતો. વિજ્ઞાન પણ અખતરાની સ્થિતિમાં હતું. જગતનો અત્યારનો મહાસંત તે કાળે ચૌદ વર્ષના બાળરૂપે કોઇ અજાણી નિશાળમાં ભાવિના પાઠ ભણતો હતો. આવા એ સંક્ષુબ્ધ કાળમાં શ્રી જૈન ધર્મ પ્રકાશે પાપા–પગલી માંડી. તેનું કદ નાનું હતું, લખાણ પણ તે કાળને અનુરૂપ હતું, પણ તેનો મનોરથ–તેના કાર્યવાહકોનો મનોરથ મોટો હતો. આજે આપણું આ "પ્રકાશ" માસિક સાઠમા વર્ષમાં પદાર્પણ કરે છે ત્યારે કોની છાતી નહીં ઉછળે ?

જૈન ધર્મ પ્રકાશ એવે ટાણે સાઠીમાં પ્રવેશે છે કે જે ટાણે જગતમાં સંહારનું ઘોર તાંડવ ખેલાઇ રહ્યું છે. પિનાકપાણીનું વિશ્વવિનાશક તાંડવનૃત્ય ચાલે છે. કોઇને શાંતિ નથી. યુદ્ધના ઓળા સમગ્ર માનવજાતને સંતાપી રહ્યા છે. સંતજનો રાહુ–કેતુથી ગ્રસાયા છે. ચોમેર મૃત્યુ, ભૂખમરો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ સંભળાય છે એવા વિષમ ટાણે જૈન ધર્મ પ્રકાશ ૬૦ મા વર્ષમાં ધીમે પણ મક્કમપણે પગ ધરે છે. તેને શા માટે ખેદ હોય ? તેનું અત્યાર સુધીનું જીવન સાર્થક થયું છે. દેહ વિકસ્યો છે. રસ–વાણીઓનો વિવિધ થાળ પીરસનાર વિદ્વાનો તેના આંગણમાં આવે છે. માનવને જરાવસ્થા લાવનાર કાળ, માસિકપત્રને તેટલી વયે વધુ યુવાન બનાવે છે. તેથી રૂડું શું ? તેણે પોતાનો રૌપ્ય મહોત્સવ એક ચાણાક્યસમ મહાઅમાત્યના નેતૃત્વ નીચે ઉજવ્યો છે અને તેનું સ્મૃતિચિહ્ન ખાસ અંક પ્રકટાવ્યો છે તેણે પોતાનો સુવર્ણ મહોત્સવ એક બ્રાહ્મણ મહાવિદ્વાનના પ્રમુખપદે ઉજવી, સુવર્ણ સમ સ્વર્ણમહોત્સવ વિશેષાંક રજૂ કર્યો છે. એક વર્ષ પછી હીરક મહોત્સવ ચાલ્યો આવે છે. વિધિની ઇચ્છા હશે તો એ પણ રંગે–ચંગે ઉજવાશે.

માસિકની સેવા, તેની જનની 'સભા' ની વિવિધ સેવા, તેના કાર્યવાહકોની અખંડ ઉત્સાહધારા અને આત્મભોગ એ બધું આપણા અભિવાદનના અધિકારી નથી શું ?

આજે તેની સાઠમી વર્ષગાંઠને ટાણે અંતરના લાખ લાખ અભિનન્દન સાથ એક જ મહેચ્છા પ્રગટાવીએ કે—

**વધો વિશ્વમાં જૈન ધર્મ પ્રકાશ.**

**રાજપાલ મગનલાલ વહોરા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ[1]

## ( ૧૧ )

### સંસારમાંહે એક સાર, જાણી કંચન કામિની રે.[2]

**આ** વાત ખરેખર સાચી છે, ખૂબ વિચાર કરતાં તદ્દન સાચી છે; પણ તેથી વધારે વિચાર કરતાં તદ્દન પાયા વગરની, સમજણ વગરની, અર્થવગરની અને અક્કલ વગરની છે. વાત એમ છે કે–આ આખા સંસારની રચના ધન અને કુટુંબ પર બંધાયલી છે. **કંચનનો** અર્થ સોનું થાય, એ સૂચક શબ્દ હોઇ તેમાં ઘર, દુકાન, ઉઘરાણી, રોકડ, ઘરેણાં, માલ-મસાલા, ઢોરઢાંખર સર્વનો–નવવિધ પરિગ્રહનો સમાવેશ થાય છે અને સંસારનું કારણ સ્ત્રી હોઇ **કામિની** શબ્દમાં સગાંસંબંધીનો–પરિવારનો સમાવેશ થાય છે અને સ્ત્રીની દૃષ્ટિએ તે શબ્દમાં પુરુષનો સમાવેશ થાય છે.

આખું પોતાનું જીવન તપાસવામાં આવે તો તેમાં સ્ત્રી અને ધન સર્વથી મહત્ત્વનો ભાગ ભજવતાં દેખાશે. સ્ત્રીમાં આખા કુટુંબનો–પુત્રપુત્ર્યાદિપરિવારનો સમાવેશ કરીએ અને કંચનમાં વેપાર–ધંધો કે નોકરી વ્યવસાયનો સમાવેશ કરીએ તો લગભગ વ્યક્તિગત આખી સંસારરચનાનો તેમાં સમાવેશ થઇ જાય છે. આપણે જે માંડ માંડેલી છે અથવા જે માંડેલી માંડમાં આપણે ભાગ લઈ રહ્યા છીએ તેમાંથી આ ધન અને સ્ત્રીની રચના અને તેની સાથે જમાવેલ પડખેઅડખેનાં વિભાગોને કે તેના વિસ્ફુલિંગોને બાદ કરીએ તો આપણી રચનામાં લગભગ કાંઇ બાકી રહેતું નથી, આખી બાજી લગભગ ખલાસ થઇ જાય છે અને આખો સંસાર પૂરો થઇ જાય છે.

આ વાત સાચી છે? આપણે માત્ર ધન અને બૈરી ખાતર જ જીવીએ છીએ! આપણે માત્ર કમાવાનાં યંત્ર અને કુટુંબજાળના એક મણકા જ છીએ? આપણો આખો ઝોક નોકરી કે ધંધા માટે અને કુટુંબના નાના વર્તુળના એક અંશ–અંગ તરીકેનો જ છે અને આપણે તેની આસપાસ ફેરફુદડી ખાધા કરીએ છીએ એ વાત સાચી છે? યોગ્ય છે? રુચિ કરે–કરાવે તેવી છે કે વગરવિચાર્યે–વણસમજ્યે ખાલી પ્રવાહમાં જ પડી ગયા છીએ? આનો નિર્ણય અંતરને સવાલ પૂછવાથી વ્યક્તિગત તો જરૂર આવશે. માત્ર અંદર સવાલ પૂછવા અને વગરદંભે સાચા જવાબ મળે તે નોંધવા, ત્યારે પ્રથમ સવાલ પૂછવો રહ્યો કે આપણે પોતે ધન અને કામિની ફરતાં ફેરા મારીએ છીએ કે નહિ?

આખા દિવસની પ્રવૃત્તિનું પૃથક્કરણ કરતાં જણાય છે કે—એમાં ધન મેળવવાના પ્રયત્નો જ હોય છે, એનાં વલખાં મરાતાં દેખાય છે, એ માટે અનેક ગોઠવણો, ગણતરીઓ, વ્યવસ્થાઓ અને પાટિયાં મંડાતાં દેખાય છે. કાંઇ સંતોષ કે શાંતિને એમાં સ્થાન નથી

---

૧. વીરવિલાસની શ્રેણીની આ સંખ્યા છે. દરેક લેખ સ્વતંત્ર હોઇ આગળના લેખના સંબંધ વગર પણ વાંચી–સમજી શકાય તેમ છે.

૨. બાર વ્રતની પૂજા પૈકી પાંચમા પરિગ્રહપરિમાણ વ્રતની છઠ્ઠી ધૂપ પૂજાની ત્રીજી ગાથાનો પૂર્વભાગ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને હોય તો થાક ઉતારવા પૂરતું જ હોય છે. બાકી આખી રચનાનો બરાબર વિચાર કરીએ તો અહીંથી ધન કમાઉં કે ત્યાંથી પેદા કરી લઉં. આ રીતે ઇન્કમટેક્સ બચાવું કે પેલી રીતે એકસેસ પ્રોફિટ ટેક્સમાંથી છટકું, છોકરાનાં નામ પર કરું કે કલ્પિત ભાગીદારીઓ ખડી કરું, સંયુક્ત કુટુંબી હોવા છતાં માની લીધેલ દેખાવની ફારગતી કરું કે છૂટા પડવાનો દસ્તાવેજ બનાવું, લિમિટેડ કંપની કરું કે શેરમાં નાણાનું રોકાણ કરું, નાણાનું રોકાણ વસ્તુમાં કરું કે મિલ્કતમાં કરું, માલના ઓર્ડર પરદેશ કરું કે મિલમાંથી સીધો માલ લઇ આવું, આવા આવા અનેક તર્કવિતર્ક ચાલે છે, ધન ખાતર અનેક કારસ્તાનો ઘડાય છે, ખોટાં સાચાં નામાં મંડાય છે, દેખાવના દસ્તાવેજ થાય છે, કેશમેમો આપવાની ના પડાય છે, રોકડથી વ્યવહાર થાય છે, અનેક રકમો હિસાબમાંથી છુપાવાય છે અને તે ઉપરાંત પારવગરના ઉધામા આખો વખત થયા કરે છે. દિવસે દોડાદોડી થાય છે અને રાત્રે ઊંઘ ઊડી જાય છે.

નોકરી હોય તો વધારો કેમ મેળવવો ? પ્રમાણિક કે અપ્રમાણિક રીતે આવક કેમ વધારવી ? ફાંટાદાર મગજવાળા શેઠ ઉપરી કે અમલદારની કૃપા કેમ મેળવવી વગેરે પ્રયત્નો ચાલે છે અને નોકરી કે ધંધો ન હોય તો તેને મેળવવા અનેક અરજી, લાગવગ, ધક્કા અને આંટા ખાવા પડે છે. આખા દિવસનો મોટો ભાગ આ રીતે ધનની આસપાસ ફેરા મારવામાં જાય છે, અને બાકીનો વખત ઘર માટે વસવાટ, સ્થાન, છોકરા–છોકરીનાં વેવિશાળ, લગ્ન, અભ્યાસ, જીવનસ્થિરતા અને મંદવાડની ચિંતામાં, સગાંસંબંધીના વ્યવહાર જાળવવામાં અને નજીવી બાબતને મોટી માની હું પણ દુનિયામાં કાંઇક છું એવું બતાવવાની તમન્નામાં પસાર થાય છે. પછવાડેનો આ આખો વ્યવહાર ' કામિની ' શબ્દમાં આવી જાય છે. ' સ્ત્રી એટલે સંસાર ' એ ઊંડી નજરે વિચારતાં બરાબર સાચી વાત જણાય છે.

આ રીતે ધન કમાવાનાં સ્વપ્નામાં, એને માટેના પ્રયત્ન કરવામાં, એ મળી જાય તો એને વધારવામાં, ન મળે તો કેમ મળે તેના વલખાંમાં, જોઇએ તેટલા મળી જાય તો તેમાં અનહદ વધારો કરવામાં અને ન વધારો કરનારા મૂર્ખ, અવ્યવહારુ કે અક્કલ વગરના છે એવી મજબૂત માન્યતાના ડોળાવમળમાં જીવન પસાર થાય છે અને બાકીનો વખત ઘર કેમ ચલાવવું ? સ્ત્રીને કેમ રાજી કરવી ? તેને માટે કેટલાં ને કેવાં ઘરેણાં ઘડાવવાં ? ઘરનાં ઘર કેવી રીતે બંધાવવાં ? સાત પેઢીમાં અક્કલવાળો કોઇ છોકરો થનાર નથી એ માન્યતાએ કામ લેવામાં અને માનેલા વ્યવહાર ચલાવવામાં અને પોતાના જેવું કુળ ભાગ્યે જ હશે એવા મસ્ત વિચારોનો પ્રચાર કરવામાં જાય છે.

આ રીતે આખા સંસારમાં **કંચન** અને **કામિનીને** સારભૂત ગણી છે, ધન મળ્યું એટલે સર્વ મળ્યું એમ લાગે છે, ધનવાન બન્યા એટલે જીવનનો સાર પામ્યા એમ લાગે છે અને પછી તો એવા એવા વિચારો આવે છે કે જાણે હું હાથીના હોદ્દા પર બેસું, ઉપરથી પૈસા ઉછાળું, નીચે લોકો તે લેવા દોડાદોડી કરે અને મારામારી કરે ! હું ઊંચે બેઠો બેઠો આ અંદર અંદરની લડત નિહાળું અને મારી જાતને કૃતકૃત્ય માનું. અથવા મારા છોકરા છોકરીને વ્યવહારમાં કે સગપણમાં ગોઠવાઇ જતાં જોઇ મારી જાતને ધન્ય માનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે જીવન પસાર થાય છે. એમાં કયાંથી આવ્યા ? શા માટે આવ્યા ? શું લાવ્યા ? કેમ લાવ્યા ? કોને મળે ? કેટલું મળે ? મળેલ કેટલું ટકે ? કયારે છોડવું પડશે ? એમાં સ્થાયી તત્ત્વ છે કે નહિ ? નથી તો કયાં છે ? એનો કાંઇ વિચાર જ આવતો નથી. કરમી દીકરાને જનતાએ વખાણ્યો, ભાઈશ્રી મોટા ધનપતિ થયા કે સારા ઘરની કન્યા પરણ્યા અને છોકરાં છૈયાં થયાં, દુકાન વ્યવહાર ખૂબ ચાલ્યા કે મોટી અમલદારી મળી એટલે જીવનની સફળતા માની ધન્ય જીવન થઇ ગયું, કારકીર્દિ સફળ ગણાઇ અને ડંકા વાગી ગયા ! આવી આવી માન્યતા પર આખો સંસાર મંડાણો છે.

એમાં એ સંસાર સફળતાની માન્યતામાં કયાં ભૂલ થઇ છે, કેટલી ખોટી ગણતરી કરી છે, કેવા અસ્થિર પાયા પર આખી ઇમારત ચણી દીધી છે, એ ગંજીપાનાં પાનાનું ઘર કયારે વીખરાઇ જશે, એ જ્યારે ભાંગીને ભુક્કો થશે ત્યારે કેવો કચવાટ થશે અને મોડી અક્કલ આવશે ત્યારે તો શરીર કબજામાં નહિ હોય, મગજ જવાબ આપતું નહિ હોય અને ઘરનો ઊંબરો ડુંગરો લાગતો હશે અને પાદર પરદેશ જેટલું દૂર લાગતું હશે એ વાતનો ખ્યાલ રહેતો નથી. આવી રીતે ધન અને કામિનીને સારભૂત માનવાની અતિ વિચિત્ર સ્ખલના કરતો આખો સંસાર ચાલી રહ્યો છે. એમાં સમજુ કે અણસમજુ, ડાહ્યા કે ઘેલા, નાના કે મોટા, સ્ત્રી કે પુરુષ સર્વ લગભગ એક લાકડીએ હંકાયા જાય છે અને એમાંથી ઊંચા આવવાના કે તરી કાંઠે આવવાના માર્ગ પર પણ આવતા નથી અને કોઈ તેમાંથી ઉપર આવવા મથે કે બહાર નીકળવા પ્રયાસ કરે તો તેને અવ્યવહારુ, ભંગડભૂત, ગાંડો, વિકળ કે મૂર્ખ કહે છે. આવી રચના ચાલી રહી છે અને તે આપણી વચ્ચે, આપણામાં અને આપણી ફરતી દેખાય છે એમ પંડિત કવિ શ્રી વીરવિજયજી કહે છે.

છેવટે બે દાખલા નજીવા પણ સાચા છે તે વિચારીએ. બહારથી આવતાં સમાચાર મળે કે છોકરો મોટરની અડફેટમાં આવી ગયો છે, પગ હાથ ભાંગી ગયા છે, બચે તેમ નથી, હોસ્પિટલે લઇ ગયા છે. સમાચાર સાંભળતાં હોશકોશ ઊડી જાય છે, અનેક કુશંકાની પરંપરા થાય છે, ટેકસી કરી હોસ્પીટલ જવાની તૈયારી થાય છે ત્યાં બીજો માણસ આવી કહે છે કે–ભાઇ ! એ તો પાડોશીનો છોકરો, એને બહુ વાગ્યું છે, બચે તેમ નથી. 'હાશ ! ઠીક થયું !' આ દશા છે. ટેકસીમાં જવાનું તુરત માંડી વાળવામાં આવે છે.

મોટી ભયંકર આગ લાગી છે. પોતે દુકાનથી દૂર રહે છે. અગાશીમાં ચડી જોતાં આગ દુકાન નજીક હોવાનું અનુમાન થાય છે. ચોપડા કાઢવા અને બંબાવાળા સાથે બંદોબસ્ત કરવા માણસોની દોડાદોડી અને પોતાનું એબાકળાપણું તુરત જ વધી જાય છે. પછી ખબર પડે છે કે એ આગ બજારમાં નથી, બંદર પરના ગોડાઉનમાં છે એટલે શાંત થઇ જાય છે. આવા પ્રસંગે કંચન અને કામિની( ધન અને કુટુંબ )ને કેવા સારભૂત માન્યા છે તેનું પારખું થાય છે, અને તે પણ પોતાનાં કંચન કામિનીના અને નહિ કે પારકાની વસ્તુ કે સંબંધીઓને અંગે. આ રીતે સંસારમાં કંચન અને કામિનીને સારભૂત ગણી છે.

મૌક્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री तत्त्वार्थसूत्रम्-सानुवादम् ।

## षष्ठोऽध्यायः

સૂત્રકાર—વાચકવર શ્રી ઉમાસ્વાતિ ગણિ
અનુવાદકાર—મુનિ શ્રી રામવિજયજી

આસ્રવનું સ્વરૂપ તથા ભેદો—

सूत्र—( १ ) कायवाङ्मनःकर्म योगः ॥ ( २ ) स आस्रवः ॥ ( ३ ) शुभः पुण्यस्य ॥ ( ४ ) अशुभः पापस्य ॥ ( ५ ) सकषायाकषाययोः सांपरायिकेर्यापथयोः ॥ ( ६ ) अव्रतकषायेन्द्रियक्रियाः पंचचतुःपंचपंचविंशतिसंख्याः पूर्वस्य भेदाः ॥ ( ७ ) तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्यस्तद्विशेषः ॥

કાય વચન મનથકી જે, કર્મ તે યોગ જ કહું;
તે જ આસ્રવ સૂત્રપાઠે, સમજીને હું સદ્દહું;
પુણ્યનો આસ્રવ જે છે, શુભ તેને વર્ણવ્યો;
પાપનો આસ્રવ જે છે, અશુભ પાઠે પાઠવ્યો. ૧

સકષાયી અકષાયી, આસ્રવો બે સૂત્રમાં;
સાંપરાયિક પ્રથમ ભેદે, ઈર્યાપથિક ભિન્ન ભેદમાં;
પ્રથમ ભેદે એક ઓછા, ચાલીશ પ્રતિભેદો કહી;
સંખ્યાથકી ગણના કરું છું, સુણજો સ્થિરતા ગ્રહી. ૨
અવ્રતતણા છે પાંચ ભેદો, ચાર ભેદ કષાયના;
ઇન્દ્રિય છે વળી પંચ ભેદે, પચ્ચીશ વળી ક્રિયાતણા;
તીવ્રભાવે મંદભાવે, જ્ઞાત ને અજ્ઞાતતા;
વીર્ય ને અધિકરણ ધરતાં, કર્મબંધ વિશેષતા. ૩

જીવ અને અજીવ એ બન્ને અધિકરણના ભેદ પ્રભેદો—

सूत्र—( ८ ) अधिकरणं जीवाजीवाः ॥ ( ९ ) आद्यं संरंभसमारंभारंभयोगकृतकारितानुमतकषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥ ( १० ) निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ॥

અધિકરણના ભેદ બે છે, જીવ ને અજીવથી;
પ્રથમ જીવ અધિકરણ સમજો, અષ્ટોત્તરશત ભેદથી;
તેહની રીત હવે વદતાં, સુણજો ભવિ એકમના;
સૂત્ર નવમે તેહ ગણના, કરી ધારો ભવિજના. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંરંભ ને સમારંભ બીજો, આરંભ ત્રીજો કહું મુદા;
મન યોગ વચન કાયયોગે, ગણતાં ભેદ નવ તદા;
કૃત કારિત અનુમતિથી, થાય સત્તાવીશ ખરા;
કષાય ચારથી એક શત અઠ, ભેદ કહે છે શ્રુતધરા. ૫

વળી અજીવ અધિકરણકેરા, ચાર ભેદો જાણવા;
પ્રતિભેદ બે ને ચારથી, વળી ભેદ બે ત્રણ માનવા;
નિર્વર્તના છે ભેદ બેથી, નિક્ષેપ થાયે ચારથી;
સંયોગના બે ભેદ સાધી, નિસર્ગ ત્રણ વિચારથી. ૬

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય એ ચાર કર્મોનાં આસ્રવો—

सूत्र—( ११ ) तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥ ( १२ ) दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरो भयस्थान्यसद्वेद्यस्य ॥ ( १३ ) भूतव्रत्यनुकम्पादानं सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥ ( १४ ) केवलिश्रुतसंघधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥ ( १५ ) कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥

દોષ નિહ્નવ કરે ઈર્ષ્યા, અંતરાય આશાતના;
ઉપઘાત કરતાં કર્મ બાંધે, જીવ જ્ઞાનાવરણના;
બીજું દર્શનાવરણ કર્મ, એમ બાંધે જીવ સદ
કર્મ ત્રીજું કેમ બાંધે, સુણજો ભવિ સર્વદા. ૭

દુઃખ શોક વળી તાપ ધરતાં, આક્રન્દ વધ કરતાં મુદા;
પરિદેવન કરતાં અન્યને વળી, આત્મ ઉભયે તે સદા;
કર્મ અશાતા વેદનીયને, બાંધતાં જીવો ઘણા;
તેહથી વિપરીત ભાવે, બાંધે શાતા ભવિજના. ૮

જીવદયા વળી મન જ ધરતાં, દાન ધર્મે સ્થિર રહે;
સરાગ સંયમ આદિ યોગે, ક્ષમાશુચિ વળી લહે;
કર્મ શાતાવેદનીયને બાંધતા એમ ભવિજના;
મોહનીય વળી કેમ બાંધે, સુણજો હવે એકમના. ૯

કેવલી શ્રુત સંઘ ધર્મ, દેવની નિંદા કરે;
દર્શનમોહનીય કર્મ બાંધે, ભવવિટંબન વિસ્તરે;
કષાય ઉદય તીવ્રભાવે, ચારિત્ર મોહ જ બાંધતાં;
સર્વશિરોમણિ મોહ કર્મે, ભવ દુઃખો વિસ્તારતા. ૧૦

આયુષ્ય તથા નામકર્મનાં આસ્રવો—

सूत्र—( १६ ) बह्वारंभपरिग्रहत्वं च नारकस्यायुषः ॥ ( १७ ) माया

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तैर्यग्योनस्य ॥ ( १८ ) अल्पारंभपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ॥ ( १९ ) निःशीलव्रतत्वं च सर्वेषाम् ॥ ( २० ) सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि देवस्य ॥ ( २१ ) योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥ (२२) विपरीतं शुभस्य ॥

બહુઆરંભી પરિગ્રહોને, ગ્રહણ કરતાં કર્મથી;
નરકગતિનું આયુ બાંધે, શાસ્ત્ર સમજો મર્મથી;
કપટ ભાવે આયુ બાંધે, ગતિ તિર્યંચ જાતનું;
માનવતણું વળી આયુ બાંધે, કહું છું ભલી ભાતનું. ૧૧

આરંભ પરિગ્રહ અલ્પ ધરતાં, માર્દવ ને આર્જવતા;
માનવતણું જીવ આયુ બાંધે, સુણો મન ધરી એકતા;
શીલ રહિતથી સર્વ આયુ, બાંધતાં જીવ સર્વદા;
દેવનું કેમ આયુ બાંધે, કહું છું સુણજો મુદા. ૧૨

સરાગ સંયમ દેશવિરતિ, અકામ નિર્જર ભાવના;
બાલતપસ્વી કષ્ટ કરતાં, આયુ બાંધે દેવના;
વક્રતા ધરે યોગની વળી, વિસંવાદો ધારતાં;
નામકર્મ અશુભ બાંધે, વિપરીતે શુભ બાંધતાં. ૧૩

તીર્થંકરનામકર્મનાં આસ્રવો—

सूत्र—( २३ ) दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी संघसाधुसमाधिवैयावृत्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणिमार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ॥

દર્શનવિશુદ્ધિ વિનય સાથે, અનતિચારી શીલધરા;
જ્ઞાન સંવેગ નિત્ય ધરતાં, દાન તપ ધરતાં નરા;
સંઘ સાધુતણી સમાધિ, નહિ વૈયાવચ્ચ છોડતાં;
અરિહંત સૂરિ બહુશ્રુતોની, ભક્તિ પ્રવચન રાખતા. ૧૪

અવશ્ય કરણી ષટ્ પ્રકારી, નિરંતર ધરતાં જના;
મુક્તિમાર્ગ પ્રકાશભાવે, આદર શાસનતણા;
જિનનામકર્મ સરસ ધર્મ, પુણ્યની ઉત્કૃષ્ટતા;
જીવ બાંધે ઉદય આવે, પદ તીર્થંકર સાધતા. ૧૫

ગોત્ર અને અંતરાય કર્મનાં આસ્રવો—

सूत्र—( २४ ) परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्र-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्य ॥ ( २५ ) तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥ ( २६ ) विघ्नकरण-मन्तरायस्य ॥

પરની નિન્દા આત્મશ્લાઘા, પર સદ્ગુણને ઢાંકતા;
ગુણો નહિ પોતાપણામાં, તેહ નિત્ય પ્રકાશતા;
નીચ ગોત્ર બાંધે અશુભ ભાવે, જીવ બહુવિધ જાતના;
નીચ ગોત્રબંધન છોડવા વળી, યત્ન કરો ભલી ભાતના. ૧૬
એહથી વિપરીત ભાવે, નમ્રતા ધરતા સદા;
અભિમાન તજતાં ગોત્ર બાંધે, ઊંચના ભવિ જીવ સદા;
દાન લાભ જ ભોગોપભોગે, વીર્યગુણની વિઘ્નતા;
કરતાં થકા અંતરાય બાંધે, સુણો મન કરી એકતા. ૧૭

इति संग्रहकार–वाचकप्रवर–श्रीमदुमास्वातिविरचिततत्त्वार्थसूत्रे शास्त्रविशारद–कविरत्नाचार्य–श्रीमद्विजयामृतसूरीश्वरपादपद्मपरागस्वादरागषट्पदमुनि-रामविजयविरचितगुर्जरभाषानुवादसंकलितः षष्ठोऽध्यायः ॥

## પૌષધ વ્રતનાં ૮૦ ભાંગા

**પૌષધના ચાર પ્રકાર છેઃ—**

૧ આહાર પોસહ, ૨ શરીરસત્કાર પોસહ, ૩ બ્રહ્મચર્ય પોસહ, ૪ અવ્યાપાર પોસહ. એ ચાર પ્રકારના પ્રથમ દેશથી અને સર્વથી એમ અસંયોગી આઠ ભાંગા થાય છે. તે એકેક હોવાથી તેને સંયોગી કહેવાતા નથી.

એ ચાર પ્રકારના દ્વિસંયોગી ૨૪ ભાંગા થાય છે, તે આ પ્રમાણે—( આ ભાંગામાં એકડો હોય ત્યાં દેશથી સમજવું ને બગડો હોય ત્યાં સર્વથી સમજવું)

પ્રથમ પ્રકારના પૌષધના બીજા પ્રકારના પૌષધ સાથે ૪ ભાંગા થાય.

૧-૧ ૧-૨ ૨-૧ ૨-૨

પ્રથમ પ્રકારના પૌષધના ત્રીજા પ્રકાર સાથે ૪ ભાંગા થાય.

૧-૧ ૧-૨ ૨-૧ ૨-૨

એ જ પ્રમાણે ચોથા પ્રકાર સાથે ૪ ભાંગા સમજવા

બીજા પ્રકારના પૌષધના ત્રીજા પ્રકાર સાથે ૪ ભાંગા થાય.

બીજા પ્રકારના પૌષધના ચોથા પ્રકાર સાથે ૪ ભાંગા થાય.

ત્રીજા પ્રકારના પૌષધના ચોથા પ્રકાર સાથે ૪ ભાંગા થાય.

આ પ્રમાણે દ્વિસંયોગી ૨૪ ભાંગા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ત્રિકસંયોગી ૩૨ ભાંગા થાય છે, તે આ પ્રમાણેઃ—

| આહાર | શરીરસત્કાર | બ્રહ્મચર્ય. | |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | આ પ્રમાણે પહેલા, બીજા ને ચોથા સાથે ૮ |
| ૧ | ૧ | ૨ | એ જ પ્રમાણે પહેલા, ત્રીજા અને ચોથા સાથે ૮ |
| ૧ | ૨ | ૧ | એ જ પ્રમાણે બીજા, ત્રીજા ને ચોથા સાથે ૮ |
| ૧ | ૨ | ૨ | એમ ત્રિકસંયોગી ૩૨ ભાંગા જાણવા. |
| ૨ | ૧ | ૧ | |
| ૨ | ૧ | ૨ | |
| ૨ | ૨ | ૧ | |
| ૨ | ૨ | ૨ | |

હવે ચતુઃસંયોગી ૧૬ ભાંગા થાય છે તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | ૨ |
| ૧ | ૧ | ૨ | ૧ |
| ૧ | ૧ | ૨ | ૨ |
| ૧ | ૨ | ૧ | ૧ |
| ૧ | ૨ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૨ | ૨ |

આ જ પ્રમાણે પહેલા ભાંગામાં બગડો મૂકીને આઠ ભાંગા કરવા એટલે કુલ ૧૬ ભાંગા થશે. એમ અસંયોગી (સ્વાભાવિક) ૮, દ્વિકસંયોગી ૨૪, ત્રિકસંયોગી ૩૨ ને ચતુઃસંયોગી ૧૬ મળી ને કુલ ૮૦ ભાંગા થાય છે. તેમાંથી વર્તમાનમાં માત્ર ચતુઃસંયોગી ૧૫ મો ભાંગો ૧–૨–૨–૨ અને ૧૬ મો ભાંગો ૨–૨–૨–૨ એ બે જ પ્રચલિત છે. એટલે ૧૫ મા ભાંગામાં એક આહાર પોસહ દેશથી જેમાં એકાસણું કરાય છે અને બીજા ત્રણ ભાંગા સર્વથી હોય છે. અને ૧૬ મા ભાંગામાં ચારે પ્રકારના પોસહ સર્વથી હોય છે એટલે તેમાં ઉપવાસ જ કરાય છે. આ સિવાયના ૭૮ ભાંગા માત્ર જાણવા માટે જ છે; પ્રવૃત્તિમાં નથી.

કુંવરજી

## જીવના આઠ પ્રકાર,

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ન જાણે | ન આદરે | ન પાળે | સંસારી જીવ |
| ૨ | ન જાણે | ન આદરે | પાળે | અજ્ઞાન તપસ્વી |
| ૩ | ન જાણે | આદરે | ન પાળે | પાસથ્થા |
| ૪ | ન જાણે | આદરે | પાળે | અગીતાર્થ |
| ૫ | જાણે | ન આદરે | ન પાળે | શ્રેણિકાદિ અવિરતિ |
| ૬ | જાણે | ન આદરે | પાળે | અનુત્તરવાસી દેવો |
| ૭ | જાણે | આદરે | ન પાળે | સંવિજ્ઞપક્ષી |
| ૮ | જાણે | આદરે | પાળે | મહાવ્રતધારી |

પ્રથમના ચારમાં સમ્યગ્જ્ઞાનાભાવ, ત્યારપછીના ત્રણમાં સમ્યગ્ ગ્રહણ અથવા સમ્યગ્પાલનાભાવ, આદ્યના સાતે ભંગમાં વર્તતો જીવ અવિરતિ અને આઠમા ભંગમાં વર્તતો દેશવ્રતધારી અથવા સર્વવિરતિ.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકારઃ—**માસ્તર અંબાલાલ ચુનીલાલ-ઉમતા** )

**પ્રશ્ન ૧**—શિખર ઉપરથી ઉતારી લીધેલા ધ્વજાદંડનું શું કરવું ?

**ઉત્તર**—મૂકી છાંડવા અથવા દેરાસરના કામમાં લેવા.

**પ્રશ્ન ૨**—દેરાસરના શિખર ઉપર કાગડો માળો નાખે તો શું કરવું ?

**ઉત્તર**—માળો ન નાખે તેવી ચીવટ રાખવી અને તેમાં વહેમ ન રાખવો.

**પ્રશ્ન ૩**—પૂજારી અશુદ્ધ વસ્ત્રે ગભારામાં જઇ શકે ?

**ઉત્તર**—ન જઈ શકે. ચોખ્ખાં વસ્ત્ર પહેરીને જ જઇ શકે.

**પ્રશ્ન ૪**—દેરાસરમાં કે ઉપર નગ્ન પૂતળાં હોય તો શું કરવું ?

**ઉત્તર**—કાઢી નાખવાં. વહેમ ન રાખવો. કાઢવાથી લાભ સમજવો.

**પ્રશ્ન ૫**—દેરાસરમાં ગોળ નૈવેદ્ય તરીકે ધરાય ?

**ઉત્તર**—ન ધરાય. તેવી પ્રવૃત્તિ નથી.

**પ્રશ્ન ૬**—પૂજારીને દેવદ્રવ્યમાંથી પગાર અપાય ?

**ઉત્તર**—જૈન ન હોય તો બીજા સાધનને અભાવે આપી શકાય.

**પ્રશ્ન ૭**—દેવદ્રવ્યમાંથી વાળાકુંચી, અંગલુંછણા વિગેરે ઉપગરણો રખાય ?

**ઉત્તર**—એમાં વિરોધ જણાતો નથી.

**પ્રશ્ન ૮**—જ્ઞાનદ્રવ્યથી ભરાવેલા ચંદરવા પુંઠીઆ ગુરુની પાછળ બંધાય ?

**ઉત્તર**—બાંધવાની પ્રવૃત્તિ છે, વિરોધ જણાતો નથી.

**પ્રશ્ન ૯**—નવકારવાળીના કેટલા પારા ફરતા ગોઠવવા અને કેટલા મેરુમાં ગોઠવવા?

**ઉત્તર**—કેટલાક ૧૦૮ પારા ફરતા ગોઠવે છે તેમજ કેટલાક ૧૦૫ પારા ફરતા ગોઠવી મેરુમાં ૩ ગોઠવે છે. બંને પ્રકાર ચાલે છે.

**પ્રશ્ન ૧૦**—બહારગામથી આવેલ માણસનું આપણે ઘરે મરણ થાય તો તેનું સૂતક કેટલું ગણવું ? **ઉત્તર**—તે ઘરવાળાએ ૨૪ પહોરનું ગણવું.

**પ્રશ્ન ૧૧**—ચોપચીની અણાહારી છે ? **ઉત્તર**—અણાહારીમાં ગણેલ છે.

**પ્રશ્ન ૧૨**—ચૌવિહાર ઉપવાસવાળા દિવસે ચોપચીની વાપરી શકે ?

**ઉત્તર**—અણાહારી વસ્તુ પણ ખાસ કારણે જ વાપરી શકાય. હોંશે કે સ્વાદે ન વપરાય.

**પ્રશ્ન ૧૩**—આંબેલમાં પૌવા, મમરા, મકાઇ, સુકવેલ પોંખ વાપરી શકાય ?

**ઉત્તર**—ન વપરાય. શું શું વપરાય તે અનુભવીને પૂછવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૧૪—પચ્ચખ્ખાણ ભાષ્યમાં પોરિસીના ૭ આગાર કહ્યા છે તે બરાબર છે?

**ઉત્તર**—પોરિસીના છ કહ્યા છે. પુરિમઠ્ઠના ૭ કહ્યા છે.

**પ્રશ્ન** ૧૫—ગુરુદ્રવ્ય કોને કહીએ?

**ઉત્તર**—ગુરુની ભક્તિમાં વાપરવાનું દ્રવ્ય તે ગુરુદ્રવ્ય સમજવું.

**પ્રશ્ન** ૧૬—ઘરની આજુબાજુમાં પ્રસૂતિ થઇ હોય તો સૂતક આવે?

**ઉત્તર**—આજુબાજુનું સૂતક ન આવે, પણ એમાં વિવેક વાપરવો જોઇએ.

**પ્રશ્ન** ૧૭—જે ઘરમાં મૃત્યુ થયું હોય તે ઘરમાં સામાયિક પ્રતિક્રમણ કરી શકાય? **ઉત્તર**—મૌનપણે કરી શકાય.

**પ્રશ્ન** ૧૮—મૃત્યુવાળા ઘરમાં જમનારને કેટલા દિવસનું સૂતક લાગે?

**ઉત્તર**—જમનાર તેમજ સૂનારને ૧૧ દિવસનું લાગે.

**પ્રશ્ન** ૧૯—સગોત્રીને કેટલા દિવસનું સૂતક લાગે?

**ઉત્તર**—ત્રણ દિવસનું લાગે?,

**પ્રશ્ન** ૨૦—કેટલી પેઢી સુધી જન્મમરણનું સૂતક લાગે?

**ઉત્તર**—પેઢીની સંખ્યા જાણી નથી.

**પ્રશ્ન** ૨૧—મૃત્યુવાળા ઘરે લૌકિકે આવનાર તથા જમનારને કેટલું સૂતક લાગે?

**ઉત્તર**—એમાં સૂતકનો સંભવ જણાતો નથી.

**પ્રશ્ન** ૨૨—મરનારના ઘર સિવાય બીજા કુટુંબીઓને ઘરેથી સાધુ સાધ્વી કેટલા દિવસે આહાર લઈ શકે? **ઉત્તર**—જ્યાં જેવી પ્રવૃત્તિ હોય ત્યાં તેમ વર્તવું.

**પ્રશ્ન** ૨૩—સ્મશાને જનાર અને સૂતકવાળા નવકારવાળી કે ટીપ ગણી શકે?

**ઉત્તર**—મૌનપણે ગણી શકે.

**પ્રશ્ન** ૨૪—સુવાળા અથવા સૂતક જૈનોએ કાઢવા જ જોઇએ કે લોકરૂઢી છે?

**ઉત્તર**—લોકરૂઢી છે, પણ તેને અનુસરવું. **કુંવરજી**

(૨)

( પ્રશ્નકાર—**રાજમલ ભંડારી-આગર** )

**પ્રશ્ન** ૧—નવકારવાળી ગણતાં હાથમાંથી પડી જાય તો શું કરવું?

**ઉત્તર**—એક નવકારવાળી બાધાપારાની ગણવી.

**પ્રશ્ન** ૨—નવકારવાળી ગણતાં મેરુનું ઉલ્લંઘન કરવું નહીં એમ કહેલ છે તો તેમ કરવાથી અવળીસવળી કહેવાતી નથી?

**ઉત્તર**—મેરુનું ઉલ્લંઘન ન કરવાથી અવળીસવળી ગણાતી નથી. એનું નામ જ સવળી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૩—પ્રતિક્રમણ કરતાં ચરવળો કે મુહપત્તિ પડી જાય અથવા પ્રતિક્રમણ કરનાર પડી જાય તો શું કરવું ? **ઉત્તર**—ઇરિયાવહી પડિક્કમવા.

**પ્રશ્ન** ૪—પૌષધ કરનાર પાસે ચરવળો કે કામળી ન હોય તો પૌષધ કરી શકાય ?

**ઉત્તર**—ન કરી શકાય. દેશાવગાસિક કરી શકાય.

**પ્રશ્ન** ૫—પૌષધ કરવાની ઇચ્છાવાળા વધારે હોય અને ચરવળા વિગેરે સાધન ન હોય તો શું કરવું ?

**ઉત્તર**—પ્રથમથી સાધન મેળવવાની તજવીજ કરવી. ચરવળા ન મળે તો પૌષધ ન થાય, દેશાવગાસિક કરવા પડે.

**પ્રશ્ન** ૬—પર્યુષણની અઠ્ઠાઈ શાશ્વતી છે કે કેમ ?

**ઉત્તર**—શાશ્વતી નથી, પરંતુ પ્રથમ તથા ચરમ જિનના શાસનમાં પર્યુષણ કરવાનો કલ્પસુબોધિકામાં ઉલ્લેખ છે.

**પ્રશ્ન** ૭—પ્રથમ તીર્થંકરના વખતમાં પર્યુષણ થતી હોય ને કલ્પસૂત્ર વંચાતું હોય તો શુદિ ૧ મે જન્મ કોનો વંચાય ?

**ઉત્તર**—કલ્પસૂત્ર વંચાય, પરંતુ તેની રચના જુદા પ્રકારની સમજવી અને તેમાં જન્મ તો ઋષભદેવનો જ વંચાય. તેમાં ચરિત્ર ઋષભદેવ આસન્નઉપગારીનું વિસ્તૃત હોય અને કલ્પ શબ્દે મુનિનો આચાર બતાવેલ હોય.

**પ્રશ્ન** ૮—સંવત્સરી ભાદ્રપદ શુદિ ૫ ની હતી તે શુદિ ૪ ની શા માટે કરી ? અને તેવો ફેરફાર આચાર્ય કરી શકે ?

**ઉત્તર**—તેનું કારણ કલ્પસુબોધિકામાં કહેલ છે અને તેવો ફેરફાર આચાર્ય કરી શકે તેવી શાસ્ત્રાજ્ઞા છે.

**પ્રશ્ન** ૯—પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં અજિતશાંતિ સ્તવન ન આવડતું હોય ને વાંચીને કહેવાનો વખત ન હોય તો તેને બદલે બીજા સ્તવનો કહી શકાય ?

**ઉત્તર**—બનતા સુધી તો તે જ કહેવું જોઇએ. કોઇને આવડતું ન હોય તો વહેલું બેસવું જોઇએ જેથી વાંચીને કહેવાય. તેને બદલે બીજાં સ્તવનો ન કહેવાય.

**પ્રશ્ન** ૧૦—અજિતશાંતિ સ્તવનના કર્તા નંદિષેણ મહાવીરસ્વામીના વખતમાં થયેલા જાણવા કે નેમિનાથના વખતમાં થયેલા જાણવા ?

**ઉત્તર**—નેમિનાથજીના સમયના નંદિષેણ મુનિ જાણવા, એમ સ્મરણમાં છે.

**પ્રશ્ન** ૧૧—પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં કહેવાતા સકલાર્હત, સકળતીર્થ, ભરહેસરની સજ્ઝાય, લઘુશાંતિ, બૃહત્શાંતિ વિગેરે મહાવીરસ્વામીના નિર્વાણબાદ બનેલા છે તો તેમના વખતમાં અને ત્યારપછી આ સૂત્રો નહોતા બનેલા ત્યારે શું કહેવાતું હશે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—તે વખતમાં આચાર્યાદિકે કરેલા સ્તોત્રાદિ કહેવાતાં હશે. તેના નામ તથા કર્તાનાં નામ જાણવામાં નથી.

**પ્રશ્ન** ૧૨—પર્યુષણમાં કતલખાનું બંધ રખાવવાના સંબંધમાં કેટલાક ભાઈઓ વાંધો ઉઠાવે છે તે બરાબર છે?

**ઉત્તર**—બરાબર નથી. આપણે તો દયાળુપણાથી તે કાર્ય કરવાયોગ્ય છે. તેને આપેલ પૈસાનો તે શું ઉપયોગ કરશે તે આપણે જોવાનું નથી. એમ જોવાય તો અનેક બાબતોમાં વાંધો આવશે.

**પ્રશ્ન** ૧૩—અત્યારે વંચાતા કલ્પસૂત્રમાં મહાવીરચરિત્ર વિસ્તારથી છે, બીજા પ્રભુના ચરિત્રો સંક્ષેપમાં છે તેનું કારણ શું? તેના કર્ત્તા કોણ છે?

**ઉત્તર**—શ્રીદશાશ્રુતસ્કંધમાંથી એ ઉદ્ધરેલ છે. તેના મૂળના કર્ત્તા શ્રી ભદ્રબાહુસ્વામી છે. ટીકાના કર્ત્તા જુદા જુદા છે. મૂળ પ્રમાણે ટીકા કરેલ છે. **કુંવરજી**

## श्री जैन धर्म प्रकाश चिरायु होवे।

( हरिगीत )

श्री जैन धर्म प्रकाश से मिथ्यात्व का सर्वनाश हो।
जैन के फिर सत्य तत्त्व का विश्वमांही विकाश हो ॥ १ ॥
न रहे मिथ्या तत्त्व जिस से प्रगट मिथ्या जोश हो।
धर्म के तत्त्वों से ही परिपूर्ण लोकाकाश हो ॥ २ ॥
रहकर सदा सुसंप से प्रभु वीर पथ अनुगामी बने।
महावीर शासन पाय कर कृतकृत्य जीवन को करे ॥ ३ ॥
प्रभु वीर का निर्वाण केवलज्ञान गौतमस्वामी को।
कार्तिक से प्रारंभ *पत्र को हर्षोल्लास वधाई हो ॥ ४ ॥
शवंत चला प्रभु वीर का व वीर विक्रमादित्य का।
चिन्ता हुई सब दूर प्रगटा पर्व भी दीपालिका ॥ ५ ॥
राजा हुवे प्रतिबोध फिर गुरुदेव के उपदेश से।
यु हर्ष में सब जन हुवे पीकर के फिर ×पियूष से ॥ ६ ॥
हो कामना परिपूर्ण नूतन वर्ष के सुप्रभात से।
वे देव गुरु और धर्म की हो विनय 'राज' प्रकाश से ॥ ७ ॥

राजमल भंडारी–आगर

* श्री जैन धर्म प्रकाश को। × उपदेशरूपी अमृत।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન

**મહાત્મા આનંદઘનજી** જિનમાર્ગના પરમ રહસ્યજ્ઞાતા સંતપુરુષ થઈ ગયા. જે કોઇ વિરલ જ્યોતિર્ધર મહાપુરુષો જિનશાસન-ગગનને અલંકૃત કરી ગયા છે તેમાં શ્રીમાન્ આનંદઘનજી કોઇ વિશિષ્ટ કોટિના, અદ્ભુત જાગતી જ્યોત જેવા સમર્થ જ્યોતિર્ધર થઇ ગયા. ભારતવર્ષમાં મત-સંપ્રદાયથી પર એવા જે ગણ્યાગાંઠ્યા, **'નિર્પક્ષ વીરલા કોઈ'** સાચા સંતો થઈ ગયા, તેમાં શ્રી **આનંદઘનજી** એક અદ્ભુત સંત 'અવધૂત' થઈ ગયા.

તેઓ અધ્યાત્મ માર્ગમાં અતિ ઉચ્ચ દશાને પામેલા 'જ્ઞાની' પુરુષ હતા, તે તેમનાં વચનોથી સુપ્રતીત થાય છે. પરમ ભક્તિભાવનિર્ભર, ચૈતન્યરસની છોળો ઉછાળતાં એમનાં સ્તવનો તો આત્માનુભવના પરમ પરિપાકરૂપ હોઇ, વાંચતાં કે સાંભળતાં, કોઇ અદ્ભુત આહ્લાદ આપે છે, મનનો થાક ઉતારી નાંખી પરમ ચિત્તપ્રસન્નતા આપે છે. તે વચનામૃતોમાં એવા તો અદ્ભુત માધુર્ય, પ્રસાદ, ઓજસ્ ને ધ્વનિ ભર્યાં છે, એવું તો ઉચ્ચ ચૈતન્યવંતું કવિત્વ ભર્યું છે કે તેનો રસાસ્વાદ લેતાં તૃપ્તિ થતી નથી. મોટા મોટા પંડિતોના વાગાડંબરભર્યા શાસ્ત્રાર્થોથી, કે મોટા મોટા વ્યાખ્યાનવડે ધરા ધ્રૂજાવનારા વાચસ્પતિઓના વ્યાખ્યાનોથી અનંતગણો આનંદ ને બોધ, શ્રીમાન્ **આનંદઘનજીની** એકાદ સીધી, સાદી, સચોટ ને સ્વયંભૂ વચનપંક્તિથી ઉપજે છે.

વળી શ્રી **આનંદઘનજીનો** 'આશય' તો એટલો બધો પરમાર્થગંભીર છે કે સાગરની જેમ તેનું માપ કાઢવું કે તેનો તાગ લેવો તે અશક્ય વસ્તુ છે, કારણ કે તેમના એકેક વચન પાછળ અગાધ માનસજ્ઞાન ને અનન્ય તત્ત્વચિંતન ઉપરાંત ઉત્તમ આત્માનુભવનું-સામર્થ્ય યોગનું સમર્થ પીઠબળ રહ્યું છે. એટલે આવા ઉચ્ચ યોગદશાને પામેલા મહાત્માની કૃતિનો આશય યથાર્થપણે અવગાહી પ્રગટ કરવો, તે તો તેમના જેવી ઉચ્ચ આત્મદશાને પ્રાપ્ત થયેલા મહાત્મા યોગીશ્વરોનું કામ છે, તેઓ જ તેને યથાયોગ્ય ન્યાય આપી શકે, તેઓ જ તેનું યથાયોગ્ય મૂલ્યાંકન કરી શકે. તેમના આશયનું અવગાહન કરી સમર્થ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ**, શ્રી **આનંદઘનજીના** પ્રથમ સ્તવનનો પરમ સુંદર અદ્ભુત પરમાર્થ પ્રગટ કર્યો છે અને શ્રી **આનંદઘનજીની** પરમાર્થગંભીરતાની ઝાંખી કરાવી છે, પણ તેઓએ માત્ર એક જ સ્તવનનું વિવેચન કહેલું હોઇ, આપણે તેના વિશેષ લાભથી વંચિત રહ્યા છીએ. ( જુઓ **શ્રીમદ્ રાજચંદ્ર**, પૃષ્ઠ ૬૦૬ )

**"તેહજ એહનો જાણગ ભોક્તા, જે તુમ સમ ગુણરાય જી."**

**—શ્રી દેવચંદ્રજી**

આવા 'આનંદઘન' આપનારા ને 'આનંદઘન' વર્ષાવનારા **આનંદઘનજીનું**— 'પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,' એ પંક્તિથી શરૂ થતું,-બીજા અજિતજિનનું સ્તવન પણ અદ્ભુત આત્મસંવેદનરૂપ અંતરોદ્ગારમય હોઇ, પરમ આશયગંભીર છે. તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશયનો અનંતમો ભાગ પણ સમજાવવો કઠિન છે, તો પણ યથાશક્તિ–યથામતિ સામાન્ય દૃષ્ટિએ જે કંઇ આશયની સપાટી માત્ર હાથ લાગી, ઉપલક ભૂમિકા માત્ર સ્પર્શવામાં આવી, તે અત્રે સંવાદરૂપે રજૂ કરું છું. આમાં જો કાંઈ અસમંજસ કે આશયફેર જેવું જણાય તો તે આ મંદમતિ લેખકનો જ દોષ છે એમ સુજ્ઞ વાંચકે વિચારવું ને ક્ષંતવ્ય ગણવું.

[ કોઇ એક 'અવધૂત' યોગિરાજ ધૂનમાં ને ધૂનમાં ચાલ્યા જાય છે. 'પંથડો પંથડો' એવું રટતા જાય છે. તેની નિસર્ગગંભીર સુપ્રસન્ન સૌમ્ય મુખમુદ્રા પર પણ એક પ્રકારની વ્યગ્રતા છવાઇ રહી જણાય છે. કોઇ ખોવાઇ ગયેલી 'વસ્તુ'ની શોધમાં તે પડ્યા હોય, પણ તે વસ્તુ ક્યાંય જડતી ન હોય એવું તેના ઇંગિતાકાર પરથી, મુખ પર તરી આવતા ભાવ પરથી જણાય છે. 'પંથડો' નામની કોઇ અત્યંત વહાલી વસ્તુનો વિરહ તેને પડ્યો હોય, એમ તે શબ્દના તેના પુનઃ પુનઃ રટનથી–ધૂનથી સૂચિત થાય છે. ચોતરફ તે ચકળ-વકળ ચક્ષુ ફેરવી રહ્યા છે છતાં કોઇ દિશામાં તે પંથડો કેમે કરીને તેની નજરે ચડતો નથી, એટલે તે પંથડા માટેની તેની વ્યાકુલતા ક્ષણે ક્ષણે વધતી જાય છે. ]

આવા તે અવધૂત ચાલ્યા જાય છે ત્યાં રસ્તામાં તેને કોઇ વટેમાર્ગુનો ભેટો થાય છે. તે તેની વ્યગ્ર વ્યાકુલ દશા જોઇ સદ્ભાવથી પૂછે છે કે–હે મસ્તરાજ ! તમે આમ બેબાકળા કેમ બની ગયા છો ? તમારું શું ખોવાઈ ગયું છે ? આ ચારે તરફ શું શોધો છો ? ને આ ' પંથડો પંથડો ' શું બોલો છો ?

એટલે તે મસ્તરાજ બોલી ઊઠે છે—

**" પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે. "**

હે ભાઇ ! હું તો બીજા જિનના પંથડાની શોધમાં પડ્યો છું. મારો પંથડો, વહાલો પંથ, પ્રિયમાર્ગ હું શોધી રહ્યો છું. જિનનો–વીતરાગનો માર્ગ–પંથ મને પરમ પ્રિય છે, તે હું ખોળી રહ્યો છું, પણ મને તે ક્યાંય ગોત્યો જડતો નથી, ચારે તરફ નજર ફેરવું છું, પણ ક્યાંય એનો પત્તો ખાતો નથી. તમે કાંઇ તેની ભાળ આપી શકો એમ હો તો કહો.

**વટેમાર્ગુ**—આપ કાંઇ તે માર્ગની નિશાની આપો તો ખબર પડે. એમ તો અહીં અનેક માર્ગ છે. તેમાં તમે કયો માર્ગ શોધો છો તેની નિશાની વિના કેમ બતાવાય ? માટે કાંઈ એંધાણ આપો તો સમજણ પડે.

**મસ્તરાજ**—હું તો બીજા અજિત જિનનો–વીતરાગનો માર્ગ શોધું છું, ને લ્યો તેની નિશાની બતાવું. એ અજિત જિનનો માર્ગ અજિત ( રાગદ્વેષાદિ દોષથી અજિત–નહિં જીતાયેલો ) ને ગુણનું ધામ છે; નિર્દોષ ને ગુણધામ એવા તે માર્ગને હું શોધું છું. આ એંધાણવાળો માર્ગ તમને ક્યાંય નજરે ચડ્યો હોય તો બતાવો, નહિં તો થયું." એમ કહીને પુનઃ મધુર સ્વરે લલકારે છેઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,**
**અજિત અજિત ગુણધામ."**

**વટેમાર્ગુ**—અહોહો ! એમાં તે શું છે ? પણે એ માર્ગ રહ્યો, એ તો સ્પષ્ટ દેખાય છે. અજિત અજિત માર્ગે ચાલ્યા અને પોતે અજિત થઇ નિર્દોષ ને ગુણધામ બન્યા, તેને પગલે પગલે ચાલ્યા જાઓ. અજિત જિનના સાચા 'અનુયાયી' બની જાઓ. અજિત રાગદ્વેષાદિથી અજિત છે તેમ તમે પણ રાગદ્વેષાદિથી અજિત બની જાઓ, એટલે તમે પણ અજિત થઇ નિર્દોષ ને ગુણધામ બનશો. આમ 'પંથડો પંથડો' કર્યા કરવાથી શું ? માર્ગે પડો ! ચાલવા માંડો !

**મસ્તરાજ**—અરે ભલા ભાઇ ! વાતો કરવી સહેલી છે. મારામાં તો તેવી ત્રેવડ નથી. જે અજિતે જીત્યા છે તેને જીતવાની મારી તાકાત હજુ દેખાતી નથી. ઊલટા તેણે ( રાગાદિએ ) મને જીતી લીધો છે. ખરેખર ! હું તો પુરુષ જ નથી, મને 'પુરુષ' નામ જ ઘટતું નથી, કારણ કે 'મરદ' હોય તે દુશ્મનને હાથે માર ખાઇ-મ્હાત થઇ બેસી રહે એમ બને નહિં. સાચો પુરુષ હોય તે તો શત્રુઓનો નાશ કરી નાંખે. પણ હું તો તેવો 'પુરુષ' નથી, એટલે તે અજિતના માર્ગે ચાલવા સમર્થ નથી.

**"જે તેં જિત્યા રે, તિણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**

વળી તમે જે કહ્યું કે તેના પગલે પગલે ચાલ્યા જાઓ, પણ તેના પગલા જે દેખાતા નથી, તો કેવી રીતે ચાલવા માંડવું ? ખરેખર ! હું તો મૂંઝાઇ ગયો છું !

**વટેમાર્ગુ**—અરે ભદ્ર પુરુષ ! તમે આમ શું કહો છો ? પણે આ માર્ગ દેખાય, ત્યાં આટલા બધા માણસો તે માર્ગે ચાલી રહ્યા છે તે શું તમારી નજરે નથી ચડતા ? તે શું તમારી ગણત્રીમાં આવતા નથી ? તેનું શું તમને લેખું નથી ? જુઓ ! આ પણે સફેદ કપડાવાળા, હાથમાં દંડવાળા, મુખવસ્ત્રિકા ધરતા મહાનુભાવ મનુષ્યોનું 'ટોળું' ચાલ્યું જાય છે ! આ પેલી તરફ દિશાનું વસ્ત્ર પરિધાન કરી, કરમાં કમંડળ પકડી, મયૂરપિચ્છ હલાવતા મહાજનોનું 'જૂથ' ચાલ્યું જાય છે અને તેમના સંપ્રદાયના અનુસારે ચાલ્યા જતા આ મોટી પાઘડીવાલા, ઉજ્જવલ વસ્ત્ર પહેરેલા, 'જય જિનેશ્વર ! જય જિનેશ્વર ! જિન શાસનનો જય હો ! જિન શાસનનો જય હો !' એમ મુખેથી બોલતા ને 'ધામધૂમની ધમાધમ' મચાવતા આ સદ્‌ગૃહસ્થો ને આ સન્નારીઓનો આવડો મોટો સંઘ-સમુદાય પણ શું તમારી નજરે ચડતો નથી ? આ તે કેવું આશ્ચર્ય ? આ બધા શું જિનના માર્ગે-જિનના પગલે નથી ચાલી રહ્યા ? એ બધા તો દાવો કરે છે કે-અમે જિનમાર્ગે જઇએ છીએ, અમે જિનમાર્ગને 'અનુસરીએ' છીએ, અમે જિનમાર્ગના 'અનુયાયી' છીએ. શું એ બધા ખોટા હશે ? ખોટું કરતા હશે ? માટે તમારું ડહાપણ છોડી દઇ એ માર્ગે ચાલવા માંડો.

એટલે અવધૂત ખડખડાટ હસી પડ્યા ને ક્ષણવાર મૌન રહી બોલ્યા—ભાઇ ! તમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ભલા માણસ જણાઓ છો, તદ્દન મુગ્ધ લાગો છો! ‘ આંધળે બ્હેરું કૂટાય છે. ’ હું પૂછું છું કાંઇ ને તમે જવાબ આપો છો કાંઇ! મારો કહેવાનો ‘ આશય ’ તમે ‘ સમજ્યા ’ નથી. તમે જે કહો છો તે તો સ્થૂળ માર્ગ છે, બાહ્ય માર્ગ છે, દ્રવ્ય માર્ગ છે. ‘ ચર્મ-ચક્ષુથી ’ જો તે માર્ગ દેખાતો હોત તો આ બધી માથાફોડ શાને કરત? આખો સંસાર ચર્મચક્ષુથી માર્ગને જોતાં ગોથું ખાઇ ગયો છે. બાહ્ય-સ્થૂળ દૃષ્ટિથી એ માર્ગને અવ-લોકવા જતાં ભૂલાવામાં પડી ગયો છે! તમે પણ એવું ગોથું ખાઇ ગયા છો! અરે! હું પણ પહેલાં તો એવું જ ગોથું ખાઇ ગયેલો; હું પણ અત્યાર સુધી ‘ ચર્મચક્ષુ ’–આંખો ફાડી ફાડીને માર્ગ જોયા કરતો હતો, પણ મને કયાંય તે દેખાયો નહિં, માર્ગ તો શું, માર્ગનો પડછાયો પણ દેખાયો નહિ. વળી તમે જે તે તે સંપ્રદાય વગેરેની વાત કરી તેમાં પણ કંઇ માલ નથી. એ માર્ગ કંઇ ‘ વાડામાં ’ પૂરાઇ ગયો નથી! એવડો મોટો વિશાળ માર્ગ કાંઇ નાના સાંકડા ‘ ચીલા ’માં સમાય ખરો? અને આ બધા જે ‘ માર્ગ માર્ગ ’ માની બેઠા છે તે કાંઇ માર્ગ નથી, કારણ કે તે માર્ગ તો અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી. ધૂળ, માટી, પથ્થર વગેરેનો બનેલો માર્ગ હોય તે ચર્મચક્ષુએ દેખાય, પણ આ કાંઇ તેવો માર્ગ નથી કે ચર્મચક્ષુએ દેખી શકાય. આમ અંતરંગ માર્ગને બહિરંગ માર્ગ માની લઇ આખો સંસાર ( લોક ) ભૂલાવો ખાઇ ગયો છે, એ બધા માર્ગ માની બેઠા છે, તે તો મિથ્યાભિમાન સિવાય બીજું કાંઇ નથી. ખરો માર્ગ આધ્યાત્મિક જ છે, અને તે જ માર્ગ હું શોધું છું. એમ કહીને યોગિરાજ ધૂન લગાવે છે—

**“ ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર ”**

**વટેમાર્ગુ**—મહારાજ! આપે આ બધું ગૂઢાર્થમાં કહ્યું, પણ મને તેમાં કાંઇ સમજણ પડી નહિં, માટે કૃપા કરી–ફોડ પાડીને ખુલાસાથી કાંઇ વાત કરો તો સમજણ પડે. આપ જેવા અગમ જોગી તો ‘ મર્મ ’માં થોડા શબ્દ કહી નાંખે, પણ અમારા જેવા પ્રાકૃત જનને એમાં શી ગમ પડે?

**યોગિરાજ**—હે ભદ્ર! તારે જિજ્ઞાસા છે તો લે સાંભળ, તને રહસ્ય વાર્તા કહું છું. પણ આ કથની લાંબી છે ને વિસ્તારથી કથવા બેસું તો મહાગ્રંથ ભરાય તેટલી છે, તો પણ સંક્ષેપમાં તને સારભૂત કહી બતાવું છું. ચાલ પેલા નદીતટ પરના એકાંત શાંત સ્થળમાં. ત્યાં હું કહું તે સ્થિરતાથી શાંતચિત્તે શ્રવણ કરી તું મનન કરજે.

[ બન્ને એકાંત શાંત સ્થળે જાય છે. યોગિરાજના મુખારવિંદ પર કોઇ અદ્ભુત પ્રસન્નતા, અદ્ભુત ગંભીરતા, અદ્ભુત સ્વસ્થતા છવાઇ રહેલ છે. યોગિરાજ પોતાની નિઃસર્ગ–મધુર. પરમાર્થ–ગંભીર, માર્દવ–આર્જવભરી પરમ અમૃતવાણીમાં પોતાનું વક્તવ્ય આગળ ચલાવે છે. ]

હે આત્મબંધુ! પ્રથમ તો એ વિચારવું ઘટે છે કે જિનમાર્ગ એટલે શું? તે બાહ્ય માર્ગ છે કે અભ્યંતર માર્ગ છે? તે દ્રવ્યમાર્ગ છે કે ભાવમાર્ગ છે? તે વ્યવહારમાર્ગ છે કે નિશ્ચયમાર્ગ છે? તે સંસારમાર્ગ છે કે મોક્ષમાર્ગ છે? જિનમાર્ગ એટલે જિન–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીતરાગ જે માર્ગે ગયા તે માર્ગ અને તે વીતરાગ માર્ગ તો મોક્ષનો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન, શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન, શુદ્ધ આત્માનું સમ્યક્ચારિત્ર–એ ત્રણેની અભેદ–એકતા આત્મામાં પરિણમાવી, ભગવાન્ શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષને પામ્યા. એટલે શુદ્ધ આત્મદર્શન, આત્મજ્ઞાન ને આત્મચરિત્રની અભેદ એકતા સાધવી એ જિનનો મૂળ માર્ગ છે. આમ આ જિનનો મૂળ માર્ગ તો કેવળ આત્મપરિણતિરૂપ હોઇ મુખ્યપણે આધ્યાત્મિક માર્ગ છે, પરમાર્થ માર્ગ છે, નિશ્ચય માર્ગ છે, વ્યવહાર માર્ગ નથી; અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી; ભાવમાર્ગ છે, દ્રવ્યમાર્ગ નથી. આ વસ્તુતત્ત્વ તદ્દન સ્પષ્ટ છે. જે કોઇ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે આ જિનના મૂળ પરમાર્થ માર્ગે પ્રયાણ કરીને જ–એમ સર્વ જ્ઞાની સત્પુરુષોનો પરમ નિશ્ચય છે. ગમે તે દેશમાં, ગમે તે કાળમાં એ જ એક ત્રિકાલાબાધિત મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચલ નિશ્ચયસિદ્ધાંત સ્થિત છે. આમ શુદ્ધ આત્માને જાણવો, શ્રદ્ધવો ને આચરવો એ જ એક સનાતન નિશ્ચય સાધ્ય છે, ધ્યેય છે, લક્ષ્ય છે.

તો પછી આ વ્યવહાર માર્ગનું નિરૂપણ શા માટે કરવામાં આવ્યું? હશે એવો સ્વાભાવિક પ્રશ્ન થશે. તે વ્યવહાર માર્ગ પણ પરમાર્થનું જ પ્રતિપાદન કરવા માટે, પરમાર્થ સમજાવવા માટે જ પ્રરૂપવામાં આવ્યો છે, પરમાર્થરૂપ નિશ્ચય લક્ષ્ય પ્રત્યે જ જીવનું લક્ષ દોરવા માટે બોધવામાં આવ્યો છે. મ્લેચ્છને સમજાવવા માટે જેમ મ્લેચ્છ ભાષાનો પ્રયોગ કરવો પડે, તેમ પરમાર્થથી અનભિજ્ઞ જીવને પરમાર્થ પમાડવા માટે વ્યવહારનો ઉપયોગ આવશ્યક છે. એટલે જ શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે–" જે નિશ્ચયને–પરમાર્થને છેદે છે, ઉત્થાપે છે, તે તત્ત્વને છેદે છે, અને જે વ્યવહારને છેદે છે તે તીર્થને ઉત્થાપે છે.* " પણ આ એક વાત ભૂલવા જેવી નથી કે પરમાર્થ જ સાધ્ય છે, વ્યવહાર સાધ્ય નથી, વ્યવહાર તો સાધન છે, પરમાર્થરૂપ લક્ષ્યનો લક્ષ કરાવવા માટે જ વ્યવહારની ઉપયોગિતા છે, વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉત્તરોત્તર શુદ્ધિ પણ ક્રમે કરીને આત્માને સ્વરૂપ પર પુનઃ આરોપવા માટે છે, સ્વરૂપ પર પુનઃ આરૂઢ કરવા માટે છે; કારણ કે સ્વરૂપભ્રષ્ટ થવાથી જ આત્માનું સંસારપરિભ્રમણ થયું છે. માટે સમસ્ત વ્યવહારનું પણ પ્રથમ ને એક જ પ્રયોજન આત્માને પુનઃ સ્વરૂપમાં આણી ' નિજ ઘર ' પધરાવવાનું છે. અને પછી વ્યવહાર રત્નત્રયી દ્વારા આ સ્વરૂપ આરોપણરૂપ પ્રથમ ભૂમિકા–નિજ ' પદ ' પ્રાપ્ત કરી, જીવ નિશ્ચય રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનો સાધક–સાધુ બની, ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ભૂમિકાઓને–દશાઓને સ્પર્શતો સ્પર્શતો મોક્ષમાર્ગે આગળ વધતો જાય છે, અને છેવટે આત્મશુદ્ધિની પરમ પરાકાષ્ઠાને પ્રાપ્ત કરી તે શુદ્ધ આત્મસિદ્ધિરૂપ મોક્ષને પામે છે–સિદ્ધ બને છે.

આમ નિશ્ચય–વ્યવહારનો પરસ્પર સાપેક્ષ સંબંધ છે. તેમાં પરમાર્થ ભૂતાર્થ છે, વ્યવહાર અભૂતાર્થ છે. પરમાર્થ તે પરમાર્થ છે, વ્યવહાર તે વ્યવહાર છે. પરમાર્થ તે

---

*जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयए ।
एगेण विणा छेज्जइ तित्थं अण्णेण उण तच्च ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર નથી, વ્યવહાર તે પરમાર્થ નથી. વ્યવહારના આલંબન સાધનથી પરમાર્થ પ્રત્યે આવી, જે પરમાર્થને પરમાર્થરૂપે આરાધે છે તે મોક્ષ પામે છે. જે વ્યવહારને જ પરમાર્થ માની બેસી વ્યવહારના કુંડાળામાં જ ગોળ ગોળ ફર્યા કરે છે, તે સંસારના કુંડાળામાં પણ ફર્યા કરે છે. સંક્ષેપમાં આ જિનના મોક્ષમાર્ગની વ્યવસ્થા છે. તાત્પર્ય એ કે–જે જિનના મૂળ પરમાર્થમાર્ગમાં વર્તે છે તે સાક્ષાત્ જિનમાર્ગમાં છે; તે મૂલ માર્ગનો સતત લક્ષ રાખી સકલ વ્યવહાર તેની સાધના પ્રત્યે પ્રવર્તાવે છે, તે જિનમાર્ગાનુસારી છે; અને જે વ્યવહારને જ પરમાર્થ માની તેને જ આરાધ્યા કરે છે તે જિનમાર્ગથી બાહ્ય છે.

આ ઉપરથી સારભૂત યુક્ત પક્ષ આ છે કે–જ્ઞાન ને ક્રિયા એ બન્ને નયની 'પરસ્પર તીવ્ર મૈત્રી કરાવી,' શુદ્ધ આત્મજ્ઞાન ને રાગદ્વેષરહિત નિષ્કષાય શુદ્ધ આત્મપરિણતિરૂપ ક્રિયાનો સુમેળ સાધવો, એ જ શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષની સિદ્ધિનો પરમ ઉપાય છે. એટલે કે પરપરિણતિને ત્યજવી ને આત્મપરિણતિને ભજવી તે મોક્ષમાર્ગની આરાધના છે; પરપરિણતિને ભજવી ને આત્મપરિણતિને ત્યજવી તે મોક્ષમાર્ગની વિરાધના છે. પરપરિણતિ ત્યજી આત્મપરિણતિને ભજનારો જીવ આરાધક છે, આત્મપરિણતિ ત્યજી પરપરિણતિ ભજનારો જીવ વિરાધક છે. પરપરિણતિને ભજે છે તે જીવ પરવસ્તુનો ચોર હોઇ અપરાધી–દંડપાત્ર છે; પરપરિણતિને ત્યજે છે તે જીવ નિરપરાધી હોઇ દંડપાત્ર નથી જેટલે અંશે નિરપરાધી તેટલે અંશે આરાધક, જેટલે અંશે અપરાધી તેટલે અંશે વિરાધક. આ પ્રમાણે જિનમાર્ગની ત્રિકાલાબાધિત શાશ્વત સ્થિતિ છે, ને આ જ તત્ત્વજ્ઞાનની રહસ્ય ચાવી છે.

આમ જિનનો મોક્ષમાર્ગ તો સીધામાં સીધો, સરલમાં સરલ, ઋજુમાં ઋજુ, સાદામાં સાદો, ટૂંકામાં ટૂંકો ને ચોખ્ખામાં ચોખ્ખો છે. એમાં કાંઇ વિસંવાદ નથી, એમાં કાંઇ ગોટાળો નથી. ગોટાળો ને વિસંવાદ તો તેના અનુયાયી કહેવાતા લોકોએ ઊભો કર્યો છે. આ લોકો મૂળ માર્ગને પ્રાયઃ વિસરી ગયા છે, ને પાંદડાને પકડી બેસી બાહ્ય કૂટારો ખૂબ વધારી દઇને મૂળ માર્ગથી લાખો ગાઉ દૂર પડયા છે. નિશ્ચય–વ્યવહારનો યથાયોગ્ય સમન્વય કરતાં તેમને આવડતો નથી, એટલે એકાંત પક્ષને પકડી બેસી તેઓ માર્ગભ્રષ્ટ થાય છે. કારણ કે જે વ્યવહારને છોડી દઇને યથાયોગ્ય આત્મદશા વિના કેવળ નિશ્ચયને જ ગ્રહે છે, તે સાધન વિના નિશ્ચયરૂપ સાધ્યને સાધશે શી રીતે? તે તો જ્ઞાનદશા પામ્યા નથી ને સાધનદશા છોડી દે છે, એટલે તે ઉભયભ્રષ્ટ થાય છે. જે નિશ્ચયને છોડી કેવળ વ્યવહારને જ વળગ્યા રહે છે, વ્યવહારરૂપ સાધનને સાધ્ય માને છે, લાકડાના ઘોડાને સાચો ઘોડો માને છે, 'સિંહ' કહેવાતા બિલાડાને સાચો સિંહ માને છે, તે તો વ્યવહારના વર્તુલમાં જ ભમ્યા કરે છે ને મધ્યબિન્દુરૂપ નિશ્ચય લક્ષ્યને ચૂકી જઇ અનંત પરિભ્રમણમાં જ ભમ્યા કરે છે. પણ સર્વ વ્યવહારસાધનને એક નિશ્ચયરૂપ મધ્યબિન્દુના લક્ષ્ય પ્રત્યે–સાધ્ય પ્રત્યે જે દોરી જાય છે, તે જ નિશ્ચયરૂપ આત્મવસ્તુની સિદ્ધિ કરે છે, તે જ પરમાર્થરૂપ મોક્ષમાર્ગને પામે છે, તે જ સિદ્ધ બની કૃતકૃત્ય થાય છે. આમ યથાર્થ વસ્તુસ્થિતિનું તેમને ભાન નહિં હોવાથી તેઓ માર્ગને પામતા નથી.

મને તે પરમાત્મા પ્રત્યે પરમ પ્રીતિ–ભક્તિ જાગી છે. તે પરમ પ્રીતિના પ્રભાવે મારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇક અંતરાત્મામાં પ્રવેશ થતાં, મને તે પરમાત્માના સર્વાંગસુંદર મૂળ માર્ગનું કંઇક દર્શન થયું છે. અહો! કેવો સુંદર, સરસ, નિર્મલ માર્ગ! પણ અહીં બહાર નજર ફેરવું છું તો તેની આસપાસ અનંત જાળાં બાઝી ગયા છે, અનંત થર જામી ગયા છે, તે મૂળમાર્ગનું ભાન ક્યાંય દેખાતું નથી, માત્ર પાંદડાં કે ડાંખળાં પકડીને લોકો કૃતકૃત્યતા માની બેઠા છે! એટલે મારા આત્મામાં સ્વાભાવિક સંક્ષોભ થયો કે આવો પરમ સુંદર માર્ગ છતાં આ લોકો તેનું ભાન કેમ ભૂલી ગયા હશે? આમ તે માર્ગ પરના પરમ પ્રેમથી મારા આત્મામાં તીવ્ર ખેદનું સંવેદન થયું, જેથી સ્વાભાવિક અંતરોદ્‌ગાર સહજ નીકળી પડયા કેઃ—

**" પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે. "**

આ ઉપરથી હે આત્મબંધુ! તું મારો આશય સમજી શક્યો હોઇશ, ઉક્ત દૃષ્ટિબિન્દુ લક્ષ્યમાં રાખી ઉપર જે કહ્યું તેનો વિશેષ વિચાર કરી જોજે, એટલે તારી સર્વ શંકાનું સમાધાન થશે. આ પ્રમાણે કહી યોગિરાજ મૌન રહ્યા.

બાદ તે પથિક પરમ ભાવોલ્લાસમાં આવી જઇ તે યોગિરાજના ચરણે પડયો ને બોલી ઊઠયો—" મહારાજ! આપે તો ભારે કરી! થોડા સાદા શબ્દોમાં આપે આટલું બધું રહસ્ય છુપાવ્યું હશે, આટલો બધો આશય ગોપવ્યો હશે, આટલો બધો 'ધ્વનિ' રાખ્યો હશે એની મારા જેવા પામરને ખબર ન્હોતી, એટલે દોઢ ડાહ્યા થઇ મેં આપને માર્ગ દેખાડવાની ધૃષ્ટતા કરી તેથી જે કાંઇ અવિનય થયો હોય તે માટે ક્ષમા કરજો! ખરેખર, આપ તો '**સાગરવરગંભીરા**' છો, આપનો આશય સમુદ્ર જેવો અગાધ છે, આપ પરમજ્ઞાની મહાત્મા છો, આપ આચાર્યોના આચાર્ય છો, આપ ગુરુઓના ગુરુ છો. જે પૂર્વે કદી પણ ક્યાંય સાંભળ્યું ન્હોતું એવું અપૂર્વ માર્ગરહસ્ય સમજાવી, આપે આ પામર પર પરમ ઉપકાર કર્યો છે. આપની જિનમાર્ગ પ્રત્યેની અંતરદાઝ પણ પરમ અદ્‌ભુત છે, જિનમાર્ગના સાચા પરમ પ્રભાવક આપ છો, જિનશાસનના સાચા શણગાર આપ છો. યોગિરાજ! વર્તમાન સમાજ વગેરેને અપેક્ષીને આપે જે કંઇ કહ્યું, તેનું વિશેષ સ્પષ્ટીકરણ હું આપના શ્રીમુખે જ શ્રવણ કરવા ઇચ્છું છું. "

**યોગિરાજ**—મહાનુભાવ! આજે સમય બહુ થઇ ગયો છે. મારે હજુ સ્વાધ્યાય-ધ્યાન આદિમાં પ્રવર્તવાનું છે; માટે આજે કહ્યું છે તેનું મનન કરજે, ને કાલે આ સામેના ગિરિશૃંગ પર પુનઃ પ્રાતઃકાળે મળજે, એટલે હું તારી જિજ્ઞાસાને તૃપ્ત કરીશ. "

**વટેમાર્ગુ**—જેવી આપની આજ્ઞા. ( બન્ને પોતપોતાને પંથે પડે છે. )—(અપૂર્ણ)

**ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા** M. B. B. S.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પટ્ટધરબેલડી (૫)

સૃષ્ટિસૌન્દર્યમાં અનેરો સ્વાંગ ધરતો અને કુદરતી લેબાશથી વિવિધ પ્રકારના ફળભારથી લચી પડતાં વૃક્ષોથી મનોરમ ઉદ્યાનની શોભાને ધારણ કરતો આ પ્રદેશ ખરેખર નંદનવનની ઝાંખી કરાવે છે. અંતરાળે પથરાયેલા પહાડથી, દૂર દૂર વિખરાયેલી નાની-મોટી ટેકરીઓથી અને આસપાસ નૃત્ય કરતાં પાણીના વહેળાં અગર તો સરિતાથી જુદા વહી રહેલાં નાનાં નાનાં ઝરણાંઓથી સાચે જ આ પ્રદેશ અનુપમ દશ્ય ખડું કરે છે. કુદરતના આંગણે એકઠી થયેલી અવર્ણનીય ખૂબીઓના સાચા મૂલ્યાંકન પ્રત્યક્ષ જોનાર પ્રેક્ષક જ કરી શકે. કદાચ કલ્પનાના આકાશમાં વિહરનાર કવિ એનું ચિત્ર આળેખે તો પણ અનુભવી દ્રષ્ટાની સરખામણીમાં તે અવશ્ય અધૂરું જ રહે.

"ગુરુદેવ ! હવે આપણે ઇચ્છિત નગરથી દૂર નથી. જુઓ, પેલી સરિતા ગોદાવરી ! એના રૂપેરી જળ દૂર રહ્યાં પણ આનંદ આપે છે. પેલી તરફ આગળ વધતો ધોરી માર્ગ એ આપણા પુંડ્રવર્ધનનો જ છે. પૂર્વે માર્ગે મળેલા ભોમિયાએ જે જે નિશાનીઓ કહી હતી એ સર્વ મળતી આવે છે. ઘણે છેટેથી પણ નજર આકર્ષતા જે થોડાં આછાપાતળા મકાનો આપણી દૃષ્ટિએ ચઢેલાં તે એ જ નગરના હતાં, એવી દઢ પ્રતીતિ થાય છે. એ બધા ઉપરથી સમજાય છે કે-આ પ્રદેશમાં જે નગર પુંડ્રવર્ધનના નામથી ઓળખાય છે એનું બીજું નામ પ્રતિષ્ઠાનપુર હોવું જોઇએ. આપને પૂર્વ પ્રદેશમાં જે દ્વિજનો ભેટો થયેલ તે ભદ્રશંકર મહાશય આ સ્થાનના જ વતની હશે. લાંબા વિહારમાં જ્યારથી આપણા પગલાં દક્ષિણ દિશામાં જેમ જેમ વધુ પડતાં ગયાં તેમ તેમ આપણા જાણવામાં આવ્યું કે મગધમાં આવેલા નાલંદાવિદ્યાપીઠની કીર્તિગાથા આ તરફ વિશેષ પ્રમાણમાં વિસ્તરી છે અને સરસ્વતી દેવીના એ પવિત્ર ધામમાં રહી આવી, સ્વઅભ્યાસને કસોટીએ ચઢાવવાના તેમજ એ મૈયાના આશીર્વાદ પ્રાપ્ત કરી પોતાના જીવનને ધન્ય અને પ્રતિષ્ઠાસંપન્ન બનાવવાના કોડ સેવતા ભૂદેવોની સંખ્યા આ પ્રદેશમાં સારા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે."

"વત્સ પાંડુભદ્ર ! તું કંઇ આ તરફનો વતની નથી; છતાં આટલી બધી માહિતી કેવી રીતે મેળવી ? જૈનસમાજમાં ભલે મારું સ્થાન આચાર્ય યશોભદ્ર તરીકે મોટેરું હોય છતાં આ ભૂમિમાં તો હું પ્રથમ જ પગલાં પાડું છું. આ ધરતીનો અનુભવ મારે મન તદ્દન નવો છે એટલે અનુભવની તુલાએ પેલું મોટેરું પદ પણ છોટું જણાય છે."

"ગુરુદેવ ! જ્યારથી મિથિલા મૂકી આપણે મહારાજશ્રી સંભૂતિવિજય આદિ મુનિ-મંડળીથી છૂટા પડી આ દિશા પકડી ત્યારથી જ્યારે પણ તક મળે ત્યારે હું પરિચયમાં આવતાં અનુભવી પુરુષોનો સમાગમ શોધતો રહું છું. 'પૂછંતા નરા પંડિતા' એ જનઉક્તિનો અનુભવ કરું છું. જુઓને મહારાજ સંભૂતિવિજય આપણાથી મહિનાઓ પૂર્વે છૂટા પડ્યા હતા અને આપે સૂચવેલ માર્ગે વિહાર કર્યો હોય તો પાટલીપુત્રમાં પહોંચી જવા પણ જોઇએ; છતાં તેમ બન્યું નથી. તેમના તરફના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇ સમાચાર પણ મળ્યા નથી. એ તરફથી આ પ્રદેશમાં અવારનવાર ખેપીઆ આવ્યા જ કરે છે છતાં કંઇ ખબર ન મળે એટલે આપને ચિંતા સંભવે જ. આપ સાહેબના ચહેરા પરથી–બીજે ત્રીજે એ માટે નીકળતી વાત પરથી–મેં જિજ્ઞાસાનું માપ કાઢી લીધું છે. તીર્થ ભદ્રાવતીમાં પૂર્વ પ્રદેશમાંથી આવેલ સંઘમાં ઘુમી વળ્યો. એ તરફના એક યાત્રિકના મુખથી સાંભળેલી વાત મેં આપસાહેબને કહેલી કે–પાટલીપુત્ર પ્રતિ પથરાતા પહાડી જંગલના વિષમ માર્ગે એક મુનિમંડળીને સિંહનો ઉપસર્ગ થયેલ, છતાં ચમત્કારિક રીતે એ સૌ બચી ગયા. જો કે મેં આપેલ આ સમાચાર પછી તો આપણે ઘણી ધરતી ખુંદી વળ્યા. પણ ગયા પરમદિને માર્ગે સાથે થયેલ વટેમાર્ગુના મુખેથી પણ એ વાત જ સાંભળીને ! એ ઉપરથી ચોક્કસ ખાત્રી થઇ કે પરિષહનો સામનો કરનારી મંડળી એ આપના શિષ્યોની જ હોઇ શકે. લંબાણથી મારો કહેવાનો મુદ્દો તો એટલો જ છે કે માનવી આંખ–કાનનો ઉપયોગ જાગ્રત રાખે તો જોવા જાણવાનું તો ડગલે ને પગલે ભર્યું જ હોય છે.”

વાચક ઉપરના પ્રસંગથી સહજ કલ્પી શકશે કે આ વાત શ્રી યશોભદ્રસૂરિ સંબંધની છે. થોડો સમય સંભૂતિવિજયના વૃત્તાન્તને બાજુએ રાખી, તેઓશ્રીને પાટલીપુત્રમાં ઠરી ઠામ થવા દઇ, વિદ્યુત્ગતિ કરતાં પણ વધારે તીવ્ર એવી માનસી દોટ મૂકી સીધા દક્ષિણમાં દોડી આવીએ. સૂરિજીએ જે જમીન કાપવામાં મહિનાઓ લીધા તે માટે આપણે તો કેવલ મામુલી ક્ષણોનું જ કામ ! મનરૂપી સુકાન એ દિશામાં વાળ્યું કે બેડો પાર. વાતો કરતા પંથ કાપી રહેલ એ મુનિમંડળીમાં ભળી જઇ, એની સાથે જ પ્રતિષ્ઠાનપુરમાં પ્રવેશવાનું અને વાર્તાપ્રવાહમાં આગળ વધવાનું.

સવિતાનારાયણના પ્રાતઃકાળના સ્ફુર્તિદાયી કિરણો સમયના વહેવા સાથે નાના થવા માંડ્યાં હતાં. દિવસ ચઢવા માંડ્યો હોવાથી માર્ગ પર અવરજવર વધી રહી હતી. સરિતાતટ તરફ જબરો ધસારો થઇ રહ્યો હતો. પાંડુભદ્ર મુનિની નજર જનાર કરતાં આવનાર તરફ વધુ ખેંચાતી. જ્યાં એકાદ જનોઇધારી ભૂદેવને આવતાં જોયાં કે તે બોલી ઉઠ્યા–'જોઇતું હતું અને વૈદ્યે કહ્યું ' જુવોને પેલા મહાશય ઝટપટ આ તરફ પગલાં પાડી રહ્યા છે. તેમણે શહેરમાં જવાની ઉતાવળ લાગે છે. તેમના ચહેરા પરથી તે આ નગરના ભોમિયા જણાય છે તો તેમને જ આપણે વસતી સંબંધી તેમજ દ્વિજ ભદ્રશંકર સંબંધી માહિતી પૂછી લઇએ.” આ વાત સૌને ગમી અને પેલા ભૂદેવ સમિપ આવતાં જ મુનિશ્રીએ પ્રશ્ન કર્યો—

“મહાશય ! આપ આ નગરના વતની છો ?”

“ હા, મહારાજ ! વતની તો ખરો પણ ઘણા વર્ષોથી ઉત્તર તરફ હતો. દરમિઆન કેટલીયે અવનવી બની ગઇ હશે છતાં આપ પ્રયોજન જણાવશો તો મારી યાદદારત મુજબ ખબર આપીશ. માણસ વર્ષોના વર્ષો દેશાંતરમાં ગાળે છતાં ઓછો જ વતનને ભૂલી શકે ? જનની ને જન્મભૂમિ તો સદાય હૃદયમાં રમતી હોય. એની હૂંફ જુદી જ છે. એનાં આકર્ષણ અનેરાં છે.”

“ મહાશય ! અમો નિર્ગ્રંથને તે અન્ય શા પ્રયોજન સંભવે ? પૂર્વે મગધમાં હતા ત્યારે આ તરફના એક વિપ્ર ભદ્રશંકરનો ભેટો થઇ ગયેલ. એ વેળા આ પ્રદેશ સંબંધી થોડી વાત સાંભળી હતી. વિહાર કરતાં આ તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવવાનું બન્યું છે, તો ગુરુજીની ઇચ્છા પેલા વિપ્ર મહાશયને મળવાની છે. બીજી વાત તો એ છે કે–નગરમાં અમારા જેવા શ્રમણો માટે વસતી મળી શકે તેમ હોય તો આગળ વધીએ, નહીં તો આ સમિપવર્તી ઉદ્યાનમાં જ સ્થિર થઇએ. વૃક્ષોની શીળી છાંયા શ્રમણો માટે આશ્રયસ્થાનરૂપ હોય છે."

"મહારાજ! આપનો વિપ્ર ભદ્રશંકર એ મારો લઘુ બાંધવ થાય. મારું નામ વરાહમિહિર. આ પુંડ્રવર્ધન નગર જ અમારી માતૃભૂમિ–પુરોહિત સોમશર્માના અમો પુત્રો–માતાનું નામ સોમશ્રી. વાત એમ બની કે–રાજ્યમાંથી પિતાશ્રીને સારી જીવાઇ મળતી હોવાથી મેં શરૂના વર્ષો કેવલ મોજવિલાસમાં જ વ્યતીત કર્યાં. પિતાશ્રી કેટલીયે વાર દ્વિજકુળને શોભે એવા અધ્યયન અને આચરણ માટે ધ્યાન ખેંચતાં પણ મેં એ વાત કાન પર લીધી જ નહીં. મારા લઘુ બંધવને પિતાની ઇચ્છા આંખથી દૂર કરવાની ન હોવા છતાં માતાએ મગધમાં વસતા પોતાના ભાઇને ત્યાં અધ્યયન અર્થે મોકલ્યો. એણે સાંભળવા મુજબ નાલંદામાં રહી ઠીક અભ્યાસ કર્યો. ઘરમાં હું એકલો પડયો. પિતાશ્રીનાં રોજના ટોણાથી મને અભ્યાસ કરવાની મોડી મોડી પણ ઇચ્છા ઉદ્દભવી. મેં મારો વિચાર વડિલો સમક્ષ મૂકયો, પણ ઘરમાં એક પુત્ર તો જોઇએ ને. ઘડી પછી વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂકેલા માણસોના દેહના શા ભરોસા? એ કારણે મારો પ્રસ્તાવ ઊડી ગયો. મને એ વાત ન ગમી. તક સાધી કહ્યા વિના હું નીકળી પડયો. ભ્રમણ કરતો દેશ–દેશના પાણી પીતો અને નવ નવા અનુભવો મેળવતો હું કાશી પહોંચ્યો. ત્યાં વસતા ભૂદેવોની મહત્તા જોઇ છક્ક જ થઇ ગયો. એમાં જ્યોતિષશાસ્ત્રના પારંગતોના બહુમાન હદ ઉપરાંત થતાં જોઇ મારું મન એના અધ્યયન પ્રતિ સવિશેષ ખેંચાયું, એક આશ્રમમાં રહી અભ્યાસ શરૂ કર્યો. થોડા દિવસે પુંડ્રવર્ધનમાં સુખસમાચાર પણ પાઠવ્યા. આમ વર્ષો વીતવા લાગ્યા. અધ્યયનરૂપી શકટ આગળ વધવા માંડ્યું. પણ અચાનક એક દિવસ પિતાશ્રીને પક્ષઘાત થયાના સમાચાર પુંડ્રવર્ધન નગરથી મોકલેલા માણસે આવીને આપ્યા. સાથે એમ પણ કહ્યું કે–'બીજા માણસને રાજગૃહીમાં પણ દોડાવ્યો છે ભાઇને તેડી આણવા. તમો જલ્દી મારી સાથે નીકળીને ચાલો. પિતાશ્રીને તમારા ચાલી આવ્યા પછી ઘણું દુઃખ થયું છે. પથારીમાંથી આ વેળા ઉઠે તેમ લાગતું નથી.'

"આ દુઃખદાયી સમાચારથી મારું અધ્યયન અટકી પડ્યું. પેલા માણસને તરતજ હું આવી પહોચ્યું છું, એવા સમાચાર આપવા સારુ વિદાય કર્યો અને હું જલ્દી કામ આટોપવા લાગ્યો. એમ કરવામાં થોડા દિવસ નીકળી ગયા. મને પિતાશ્રીના મુખદર્શનની પ્રબળ ઇચ્છા હોવાથી માર્ગે પણ ઝડપ ચાલુ રાખી બનતી ઉતાવળે આવી પહોંચ્યો છું. પ્રાતઃકાળ થઇ ગયો હોવાથી ગોદાવરી નદીના કાંઠે સ્નાન પણ કરી લીધું અને સંધ્યાકર્મ પણ પતાવી દીધું.

"આપ જો મારી સાથે જલ્દીથી પગ ઉપાડશો તો હું ભદ્રશંકરનો, જો આવી ગયેલ હશે તો, મેળાપ સત્વર કરાવી આપવામાં ભાગ્યશાળી નીવડીશ.

"અમારા મકાન નજીક ખાલી ઘરો છે એમાં આપ શ્રમણોને જે અનુકૂળ જણાય તેમાં ઉતરજો. મારા કરતાં એ સંબંધમાં ભાઇ ભદ્રશંકર આપને વધુ માર્ગદર્શક થઇ પડશે."

"તો મહાશય વરાહમિહિરજી! અમો સર્વ આપની પાછળ પાછળ ચાલ્યા આવશું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરપ્રવેશનો મુખ્ય દરવાજો વટાવી, રાજમાર્ગ પર થોડું ચાલ્યા બાદ દ્વિજ વરાહમિહિરે એક શેરીનો માર્ગ લીધો. મુનિમંડળી પણ પાછળ એ પંથે પળી. કેટલાક આડાઅવળા ચકરાવા લઇ સૌ એક વિશાળ મકાન સાંમે આવી પહોંચ્યા.

વરાહમિહિરે ભદ્રશંકરના નામની બૂમ પાડતાં જ ઘરમાંથી યુવક ભદ્રશંકર બહાર દોડી આવ્યો. નજર સામે વડિલભાઇ તેમજ પૂર્વ પરિચિત સાધુ મહારાજને જોતાં જ ઘડીભર કિંકર્તવ્યમૂઢ બન્યો. હૃદયમાં શોક હોવા છતાં ચહેરા પર હર્ષની આછી અને અસ્પષ્ટ છાયા પથરાઇ. સ્વસ્થતા ધારણ કરીને ઓટલાના પગથિયા ઉતરી બોલ્યો—" ભાઇ ! તમો ઓટલા ઉપર બેસી જરા થાક ઉતારો ત્યાં હું આ ગુરુજીને થોભવા સારુ પેલી વસતી બતાવું."

" ભદ્ર ! પણ પિતાશ્રીની હાલત કેમ છે ? જલ્દી જવાબ આપ. થાક ઉતારવાની વાત પછી."

" મોટા ભાઇ ! અતિથિધર્મ પહેલો. એ બજાવી જલ્દી પાછો ફરું છું અને સર્વ કંઇ કહું છું. આકળા ન થાઓ. "

આટલું બોલી તરત જ ભદ્રશંકર શ્રમણમંડળીની આગળ થયો અને પાંચ સાત પળના વિલંબ પછી એક મકાન પાસે આવી પહોંચ્યો.

" ગુરુમહારાજ ! આપને માટે આ સ્થળ અનુકૂળ થઇ પડશે. જો કે એ સાફસૂફ કરાવી કોઇ જુદા જ હેતુએ તૈયાર રખાયેલ છે, પણ કુદરતનો સંકેત જુદો હશે એમાં આપશ્રીના પગલા થયા, અણધાર્યો મેળાપ થયો. ભલે એ સ્થાન આપસાહેબના પૂનિત ચરણોથી પવિત્ર થાય. આપ માર્ગના શ્રમેથી જરા વિશ્રાંતિ મેળવો ત્યાં હું પાછો ફરી ઘટતી સગવડ કરી આપું છું. સાંસારિક કારણે દૂરથી પધારેલા આપ સરખા મોંઘેરા મેમાન પાસે અત્યારે નથી રોકાઇ શકતો એ માટે ક્ષમા ચાહું છું."

પાંડુભદ્ર પાછા ફરતા ભદ્રશંકરને કંઇ પ્રશ્ન કરવા જતાં હતાં ત્યાં તો યશોભદ્રસૂરિએ આંગળી આડી કરી. એ થોભ્યા. ભદ્રશંકર વિદાય થઇ ગયો. પછી આચાર્યશ્રી બોલ્યા—

" વત્સ ! વિપ્રના વચનથી પારખી શકાય છે કે તેના પિતાશ્રીનું અવસાન થયું છે. એ બનાવને દિવસો પણ વિત્યા છે. એનું અંતર દુ:ખથી ભરેલું છે. એ સવાલ કરવાની જરૂર જ નથી. ચહેરો કહી આપે છે." ત્યાં તો ગુરુદેવના વચનની સત્યતા પુરવાર જ કરતા હોય એમ વિપ્ર વિરાહમિહિરના રૂદનના શબ્દો કર્ણ પર અથડાયા. ( ચાલુ ) **ચોકસી**

## પંન્યાસ શ્રી મણિવિજયજી મહારાજની જયંતિ.

આ પ્રતાપી મહાપુરુષની જયંતિ ચાલુ માસની શુદિ ૪ ને સોમવારે ભાવનગરમાં આચાર્યશ્રી વિજયકુમુદસૂરિના પ્રમુખપણે વ્યાખ્યાન પ્રસંગે ઉજવવામાં આવી છે. તેઓ સાહેબે તેમના ગુરુમહારાજનું જીવનચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું અને ઘણાં ગુણાનુવાદ કર્યા. બીજા વક્તાઓ પણ તે સંબંધમાં બોલ્યા. અત્રે આ પ્રથમ શરૂઆત થઇ છે પરંતુ હવે પછી દર વર્ષે ઉજવવાની વૃત્તિ ઉદ્દભવી છે. પ્રસંગે એ મહાત્માનું ચરિત્ર કાંઇક વિસ્તારથી આપવાની ઇચ્છા વર્તે છે. જન્મ સં. ૧૯૨૯, દીક્ષા સં. ૧૯૪૫, સ્વર્ગવાસ સં. ૧૯૭૮, દીક્ષાપર્યાય વર્ષ ૩૩.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણા

## સં. ૧૯૯૯ના શ્રાવણ તથા ભાદ્રપદ માસની પત્રિકા.

**ધર્મચર્યા:**—સંસ્થાના ધાર્મિક નિયમોને અનુસરી સામાયિક, દેવસી તથા પખ્ખી પ્રતિક્રમણ, પ્રભુ–પૂજા, ગુરુવંદન, તેમજ ગિરિરાજ તલાટીદર્શન વિગેરે ધાર્મિક કાર્યો સમૂહગત કરવામાં આવેલ છે. પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વમાં ભાવ અને ઉલ્લાસપૂર્વક અઠ્ઠાઇધર, કલ્પધર, તેલાધર તથા સંવત્સરીની તપશ્ચર્યા, વ્યાખ્યાનશ્રવણ તથા રાઇ દેવસી પ્રતિક્રમણ થયેલ છે.

**તપશ્ચર્યા:**—એક અઠ્ઠાઇ, ત્રણ અઠ્ઠમ, સોળ છઠ્ઠ અને છૂટા ઉપવાસ વિગેરે થયેલ છે. સંસ્થાના દહેરાસરમાં આઠે દિવસ આંગી રચાવવામાં આવેલ છે અને ભાવના ભાવવામાં આવેલ છે.

**અઠ્ઠાઇ તપ:**—મોમ્બાસાનિવાસી દોશી વર્ધમાન માણેકચંદના ચિ૦ સુપુત્ર વિદ્યાર્થી રતિલાલ વર્ધમાન દોશીએ પ્રથમ અઠ્ઠાઇ તપ કરેલ છે. આ તપ વિદ્યાર્થીઓની ધર્મ–ભાવના જાગૃત કરવાના કારણભૂત બનેલ છે અને વિદ્યાર્થીભાઈઓએ ભાવપૂર્વક તપસ્વીની સેવા–સુશ્રૂષા કરી છે અને રાત્રિના ભાવનામાં વિશેષ રસ બતાવેલ છે.

**બારસા સૂત્રશ્રવણ:**—તપસ્વીભાઇની ઇચ્છાનો સ્વીકાર કરી પાલીતાણા સાહિત્ય-મંદિરમાં બિરાજમાન આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજને વિનંતિ કરતાં, મુનિ મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ તેમજ બાલમુનિશ્રી જયાનન્દવિજયજીને બારસાસૂત્ર વાંચન માટે મોકલેલ જેથી બહુમાનપૂર્વક વરઘોડાના આકારે તેમને લાવવામાં આવેલ હતા. ઘીની ઉછામણી કરી બારસાસૂત્ર વહોરાવવામાં આવેલ અને સૂત્રવાચનશ્રવણ નિર્વિઘ્ને પૂર્ણ થયેલ છે.

**પ્રશંસનીય કાર્ય:**—અઠ્ઠાઇ તપની ઉજવણી પ્રસંગે સંસ્થાએ, માનદ્ મંત્રીસાહેબો, શિક્ષકબન્ધુઓ તથા વિદ્યાર્થીઓ તરફથી સારી રકમ ચાંદલા તરીકે તપસ્વીને આપવામાં આવી છે. આ પ્રસંગે રૂ. ૧૧) લાયબ્રેરી ખાતે તથા એક ટંક મિષ્ટાન્ન વિદ્યાર્થીના વાલી તરફથી આપવામાં આવેલ છે. સંસ્થાના દહેરાસરજીમાં આંગી–ભાવના રાખવામાં આવેલ છે.

| આવક | શ્રાવણ | ભાદ્રપદ | આવક | શ્રાવણ | ભાદ્રપદ |
|---|---|---|---|---|---|
| | રૂ. આ. પા. | રૂ. આ. પા. | | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
| શ્રી જનરલ નિર્વાહ ફંડ | ૨૭–૦–૦ | ૧૧–૦–૦ | શ્રી આંગી પૂજા ફંડ | ૧૦૧–૦–૦ | ૦–૦–૦ |
| શ્રી લાયબ્રેરી ખાતે | ૦–૦–૦ | ૧૧–૦–૦ | શ્રી કેળવણી ફંડ ખાતે | ૦–૦–૦ | ૨૮–૦–૦ |
| શ્રી ભોજન ફંડ | ૭૪–૦–૦ | ૭૫–૦–૦ | | | |

જમણવાર:—

૧ શેઠ ત્રિભુવનદાસ ભાણજી–ભાવનગર
૨ શેઠ પાનાચંદ નવલચંદ–સુરત
૩ શેઠ સુખલાલ પાનાચંદ ઠાકરશી–વઢવાણ કેમ્પ
૪ શેઠ મોનજી વસનજી–પોરબંદર
૫ શેઠ ભોગીલાલ નાગરદાસ–પાટણ
૬ સ્વ. કુંવરજી મૂળચંદ–ભાવનગર
૭ દોશી વર્ધમાન માણેકચંદ–રાજકોટ
૮ ગાંધી વાડીલાલ ચતુર્ભુજ–ભાવનગર

**તા. ક:**—સ્વ. કુંવરજી મૂળચંદની સ્વર્ગવાસતિથિએ સંસ્થાના દહેરાસરમાં આંગી રચવામાં આવેલ છે તેમજ પૂજા ભણાવેલ છે. રાત્રિના ભાવના રાખી હતી. શેઠ નરોત્તમદાસ ભાણજીના સ્વ. ધર્મપત્ની સુરજબાઇના સ્મરણાર્થે પર્યુષણમાં પારણું કરાવવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શોકપ્રદર્શનઃ**—(૧) ખંભાતનિવાસી દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદના અવસાનથી આ સંસ્થાએ શુભેચ્છક અને સહાયક ગુમાવેલ છે. મર્હુમના માનમાં શોકસભા ભરવામાં આવી હતી; તેમાં ગત આત્માને શાન્તિ ઇચ્છવામાં આવેલ હતી અને તેમના કુટુંબને દિલસોજી દર્શાવતો ઠરાવ મોકલવામાં આવ્યો છે. (૨) આ સંસ્થાના વિ. હિંમતલાલ મોહનલાલ નાની વયમાં પોતાના વતનમાં લાંબી માંદગી ભોગવી ગુજરી જતાં વિદ્યાર્થીઓ દિલગીર થવાથી શોકસભા ભરી મહુંમને અંજલિ અર્પવામાં આવી હતી. તે વખતે તેમના મમતાળુ સ્વભાવની પ્રશંસા કરી હતી. તેમના કુટુંબને દિલસોજી પત્ર લખવામાં આવ્યો છે. (૩) આબૂવાળા યોગનિષ્ઠ શ્રી વિજયશાન્તિસૂરીશ્વરજી મહારાજના અચાનક સ્વર્ગગમનનો દુઃખદ તાર મળતાં પૂજ્ય ગુરુજીનો ગુણાનુવાદ કરવામાં આવેલ હતો અને સ્ટાફ સહિત વિદ્યાર્થીભાઇઓએ સમૂહગત શાન્તિ અર્થે પ્રાર્થના કરી હતી.

શ્રી વિજયશાન્તિસૂરીશ્વરજીના સ્વર્ગગમન નિમિત્તે વડુવાળા શા. મંગલદાસભાઇ તરફથી સાધ્વીશ્રીજી મહારાજ શ્રી લલિતશ્રીજીના સદુપદેશથી સંસ્થાના વિશાળ સેન્ટ્રલ હોલમાં પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. તેનો યાત્રિક ભાઇ-બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો. પ્રભાવના કરવામાં આવી હતી અને દહેરાસરજીમાં આંગી-ભાવના પણ રાખવામાં આવેલ હતી.

**ગાંધી જયન્તિ**—ભાદરવા વદિ ૧૨ ના રોજ "રેંટીયા-બારશ" ની ઉજમણી પ્રસંગોચિત ઉજવવામાં આવી હતી. તે ખાદી ખરીદ કરવામાં આવી હતી.

**વકતૃત્વસભા**—ગાંધીવાદ, યંત્રવાદ વિ૦ હાથઉદ્યોગ, લગ્નપ્રણાલિકા, આધુનિક જીવન-સંગ્રામ, સંસ્કૃતિ અને સંસ્કાર આદિ વિષયોની ચર્ચા સાથે પ્રશ્નોતરી રાખવામાં આવેલ હતા.

**મુલાકાત**—ગુરુણીજી મહારાજશ્રી લલિતશ્રીજી અને શિષ્યાસમુદાય, શ્રી વાડીલાલ ચતુર્ભુજ ગાંધી, શ્રી હરગોવિંદદાસ મોતીલાલ ગાંધી, શ્રી ચુનીલાલ દુર્લભજી પારેખ, શ્રી મંગળદાસભાઇ, શેઠ છોટાલાલ ભીખાલાલ, શ્રી ચુનીલાલ કાનુની આદિ સદ્‌ગૃહસ્થો નિરીક્ષણાર્થે પધાર્યા હતા.

**ભેટ**—પાર્વતીબાઇ વીસનજી કચ્છ-ભુજવાળા. કેસર તથા અગરબત્તી; બાબુસાહેબ લક્ષ્મીચંદજી ધનાલાલ કર્ણાવટ રત્નશિખર બુક નં. ૫, લકડઃ હારા (હિંદી) બુક નં. ૫, ડૉ. ભાયલાલ એમ. બાવીસી. ધી જ્યોતિ કાર્યાલયની બુક નં. ૨૫ વિગેરે.

## વિનંતિ

યુદ્ધની ચાલુ વિકટ પરિસ્થિતિને લક્ષમાં લઇ સમાજના દાનવીર ગૃહસ્થો કેળવણીની આ સંસ્થાને સહાયભૂત જરૂર બનશો. શ્રી સ્વામી-વાત્સલ્ય ટ્રસ્ટ ફંડમાં હજુ ઘણી તિથિઓ ખાલી છે.

**રૂા. ૧૦૧) માં દૂધની તિથિ કાયમી મુકરર કરાવી શકાય છે.**

**રૂા. ૧૦૧) તથા રૂા. ૫૧) માં અનુક્રમે સોનાના તેમજ રૂપાના વરખની આંગીની તિથિ કાયમી મુકરર નોંધાવી શકાય છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન પંચાંગમાં સુધારો

જોધપુરી ચંડાંશુચંડુ પંચાંગ બહાર પડવામાં વધારે વિલંબ થવાથી અમોએ જે પંચાંગ બહાર પાડેલ છે તેમાં વૈશાખ માસથી આસો માસ સુધીમાં નીચે મુજબ ચાર ફેરફારો કરી લેવા.

(૧) વૈશાખ વદિ સાતમનો ક્ષય છે ત્યાં છઠ્ઠનો ક્ષય કરવો.

(૨) જેઠ વદિ ૧૦ નો ક્ષય છે ત્યાં નોમનો ક્ષય કરવો.

(૩) અશાડ વદિ ૩ નો ક્ષય છે ત્યાં વદિ ૧ નો ક્ષય કરવો.

(૪) શ્રાવણ વદિ ૬ નો ક્ષય છે ત્યાં વદિ ૪ નો ક્ષય કરવો.

ન પર્વોમાં નીચે પ્રમાણે બે ફેરફારો કરી લેવા.

(૧) વૈશાખ વદિ ૬ રવિવારે શ્રી સિદ્ધાચળની વર્ષગાંઠ દર્શાવી છે ત્યાં વદિ ૫ ને શનિવાર સમજવો. (વદિ ૬ નો ક્ષય હોવાથી.)

(૨) શ્રાવણ વદિ ૫ બુધવારે પંદરનું ઘર જણાવેલ છે ત્યાં વદિ ૬ ને બુધવારે સમજવું.

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે–સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

---

## નવા જૈન પંચાંગ

જોધપુરી શ્રીધર શીવલાલના ચંડાંશુચંડુ પંચાંગને આધારે આપણે પાળવાની તિથિ યથાર્થ સૂચવનારા પંચાંગ અમે બહુ વર્ષોથી બનાવીએ છીએ. તે પ્રમાણે બનાવ્યા છે. કાગળોની પુષ્કળ મોંઘવારી છતાં ખરીદ કરનારની સગવડ ખાતર અમે સો નકલના રૂા. ૫) અને છૂટક નકલનો એક આનો રાખેલ છે. પોસ્ટેજ જુદું. (અમે જેને જેને આ પંચાંગો મોકલ્યા છે તેમણે ઉપર જણાવ્યા પ્રમાણે સુધારી લેવું.)

---

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તેજ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોક સંખ્યા સાત હજાર છે કિંમત રૂા. ૬) રાખેલ છે તે અમારે ત્યાંથી પણ મળશે જરૂર મંગાવો ને લાભ લ્યો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## ભાઈ શ્રી ચુનીલાલ વીરચંદનું પંચત્વ.

આ રાંધણપુરનિવાસી બંધુ આસો શુદ ૭ મે પંચત્વ પામ્યા છે. તેઓ બહુ વર્ષોથી આ સભાના સંબંધવાળા ને પ્રીતિવાળા લાઇફ મેમ્બર હતા. એમણે તીર્થયાત્રાદિ ઘણા ધર્મકાર્ય કર્યા છે. દ્રવ્યનો વ્યય પણ શુભ માર્ગે સારો કર્યો છે. તેમનો અભાવ થવાથી સભાને એક લાયક સભ્યની ખોટ પડી છે. અમે તેમના પુત્ર ફરમચંદ તથા પન્નાલાલને અને પુત્રી ચંચળને તેમજ બીજા સ્વજનવર્ગને અંતઃકરણથી દિલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ ઈચ્છીએ છીએ.


## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે, પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

## પંચ પ્રતિક્રમણ સૂત્ર–મૂળ. શાસ્ત્રી

હિંદી સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન–પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂા. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## શ્રી આત્મપ્રબોધ ગ્રંથ–મૂળ

પંડિત શ્રી જિનલાભસૂરિકૃત ગદ્યબંધ આ ગ્રંથ બહુ જ ઉપયોગી છે. તેમાં સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ તથા પરમાત્મસ્વરૂપદર્શક ચાર પ્રકાશ પાડેલા છે. કિંમત રૂપિયો દોઢ પોસ્ટેજ સાત આના. ખાસ વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે તેમજ શ્રોતાવર્ગને અત્યંત આનંદ સાથે લાભ કરે તેવો છે.

## શ્રી શ્રીચંદ્ર કેવળી ચરિત્ર

આ સંસ્કૃત પદ્યબદ્ધ ચરિત્રના કર્તા શ્રી સિદ્ધર્ષિ છે. ચરિત્ર ઘણું રસિક છે. વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે. કિંમત રૂપિયો એક. પોસ્ટેજ પાંચ આના. આયંબિલ વર્ધમાન તપના માહાત્મ્ય અને પ્રભાવ સમજવા માટે આ ચરિત્ર ખાસ ઉપયોગી છે.


મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only